पचास प्रेरक प्रसंगों

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચાસ પ્રેરક પ્રસંગો

મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

८० ग
२७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... ८० ग
२५
पञ्जिका संख्या ३०८०८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३०४०८

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચકુબહેન સ્મારક ગ્રંથમાળા પુ૦ ૧૪

પચાસ પ્રેરક પ્રસંગો

મુકુલભાઈ કલાર્થી

પ્રકાશક તરફથી ભેટ

1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, પ્રત ૫૦૦૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

દસ આના માર્ચ, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

'બોધક ટીકડીઓ' પછી તેવા જ બીજા પચાસ પ્રેરક પ્રસંગોની કથાઓનો આ સંગ્રહ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. નાના તેમ જ મોટા, સ્ત્રી તેમ જ પુરુષ — સૌને આ બીજા સંગ્રહમાં પણ મજા પડશે, એની મને ખાતરી છે.

મુ૦ નાનાભાઈએ નાનકડો ઉપોદ્‌ઘાત લખી આપ્યો તેને માટે આભારી છું. એમાં તેમણે મુકુલભાઈને એક નવી સૂચના કરી છે, તેમાં વાચક પણ સંમત થશે, એમ માનું છું.

આજના લોકશાહી વિચારોના જમાનામાં આ દૃષ્ટિએ ગુણ-વિચાર થાય એ જરૂરનું છે. વ્યક્તિ પેઠે સમૂહો પણ પરસ્પર વ્યવહારમાં આવે છે, તેમાં પણ વ્યક્તિગત ગણાતા ગુણોનું આચરણ થવું જોઈએ. આમાં જ કદાચ, ગાંધીજી સમૂહજીવનમાં પણ ધર્મદૃષ્ટિ ઉતારવાનું જે કહેતા હતા, તેનું રહસ્ય રહેલું હોય.

આ નાનકડી ચોપડી નવશિખાઉ પ્રૌઢો તથા બાળકો અને મોટેરાં સૌનો આવકાર પામશે એવી આશા છે.

૨૯–૨–'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ સદ્‌ગુણોનો વિકાસ

વર્ષો પહેલાં એક લીટી વાંચી હતી તે યાદ આવે છે :—

'નરી સરળતા કોણ પૂજશે ?'

આ પુસ્તિકા માટે એ શબ્દ લખવાનું મારે ભાગે આવ્યું, એટલે નરી સરળતાને પૂજવાની મને એક તક મળી.

આ પ્રસંગોમાં તરી આવતી સરળતા મુકુલભાઈના જીવનનું પ્રતિબિંબ જ પાડે છે. મુકુલભાઈએ આ પ્રસંગોને કશોય ખાસ રૂપરંગ આપવાનો પ્રયત્ન કર્યો નથી; એમણે પ્રસંગોને પોતાનો કશોય ઉઠાવ પણ આપ્યો નથી; એમણે પ્રસંગોને શબ્દચાતુરીથી શણગાર્યા નથી. એમણે તો પ્રસંગો જેવા બન્યા તેવા પ્રસંગોની વચ્ચે જ વાંચનારને મૂકી દીધો છે; વાંચનાર પોતે જ લેખકની દરમિયાનગીરી વિના, સીધો પ્રસંગોની વચ્ચે ઊભો રહે છે અને કેમ જાણે પોતે જ પ્રસંગનું એકાદ પાત્ર બનીને પ્રસંગમાં એક પ્રકારે આત્મીયતા અનુભવે છે.

સાહિત્યમાં આવી પુસ્તિકાનું કયું સ્થાન ગણાય તે આંકવાનો મારો અધિકાર નથી. પણ જે વાચકો આવા વાચનથી ચિત્તશુદ્ધિને માર્ગે જવા ઇચ્છતા હોય તેમને આ પુસ્તિકા સારું માર્ગદર્શન આપશે, એમાં મને શંકા નથી.

આ પ્રસંગોમાં મોટે ભાગે માનવીના વ્યક્તિગત સદ્‌ગુણોનું આપણને ઠીક ઠીક દર્શન થાય છે. પણ બે ત્રણ પ્રસંગોને બાદ કરીએ તો માનવીના સમૂહગત સદ્‌ગુણોનું દર્શન ઓછું થાય છે. માનવી જેમ એક સ્વતંત્ર વ્યક્તિ છે તેમ જ સમષ્ટિનો એક ભાગ પણ છે અને આવા એક ભાગ તરીકે તેણે થોડાએક સમૂહગત સદ્‌ગુણો પણ કેળવવા ઘટે છે. આપણાં નાનાં મોટાં કાર્યોનું પરિણામ જેમ આપણને પોતાને અસર કરે છે તેમ જ આસપાસના સમાજને પણ અસર કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ જ પરિણામ સમાજ પર અથડાઈને પાછું આપણને વધારે મોટી અસર કરે છે. આ વાત આપણને વધારે સ્પષ્ટ રૂપમાં સમજાવી ઘટે છે. મારો પાડોશી ગંધે છે ત્યાં સુધી મારી સ્વચ્છતા શા કામની? મારો ભાઈ ભૂખ્યો હોય ત્યાં સુધી મારું પેટ ભરાયું તેથી શું? એ રીતે પોતાનો અને સમષ્ટિનો મેળ સધાય એવી રીતે વિચારવાની જરૂર તો કોઈ પણ કાળે છે અને તેમાંય આજે તો ઘણી વધારે છે. મુકુલભાઈ હવે પછી આવા વધારે પ્રસંગોને શોધીને ગૂંથશે એવી મને આશા છે.

તા. ૨૯–૧–૫૬
લોકભારતી
સણોસરા

નાનાભાઈ ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩
માનવ સદ્‌ગુણોનો વિકાસ [શ્રી. નાનાભાઈ ભટ્ટ] ૫
૧. હેતના ટેભા ૧૧
૨. પ્રેમનો ભાર ! ૧૧
૩. ચારિત્ર્યની મહત્તા ૧૨
૪. વિવેક ૧૩
૫. શાંતિ ! ૧૪
૬. માણસની સાચી શાખ ૧૫
૭. લજ્જા ૧૬
૮. મનનું ઝેર ૧૬
૯. કુલીનતા ૧૭
૧૦. અહંકાર ! ૧૮
૧૧. હિંમત ૧૯
૧૨. કર્તવ્ય ૨૦
૧૩. દવા ૨૧
૧૪. દાનેશરી ૨૨
૧૫. શરીરરક્ષા ૨૩
૧૬. લગ્ન ! ૨૪
૧૭. ભય ! ૨૪
૧૮. દાનો દુશ્મન ૨૬
૧૯. પારસમણિરૂપ સંત ૨૬
૨૦. કાયદો અને પ્રામાણિકતા ૨૭
૨૧. શત્રુતા મટાડવાનો કીમિયો ૨૮
૨૨. ઝઘડો મટાડવાનો એક ઉપાય ૨૯
૨૩. અમુલખ વસ્તુ ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪. બે હુવડો	૩૧
૨૫. સત્ય અને અસત્ય	૩૩
૨૬. ત્યાગ-ભાવના	૩૪
૨૭. અનન્ય નિષ્ઠા	૩૬
૨૮. ગર્વખંડન	૩૭
૨૯. શ્રેષ્ઠ કોણ ?	૩૮
૩૦ સફળતાનું કારણ	૩૯
૩૧. સંતની અવળી વાણી !	૪૦
૩૨. અશરણનું શરણ	૪૧
૩૩. સત્સંગનો મહિમા	૪૨
૩૪. દેશવાસીઓનું ગૌરવ	૪૨
૩૫. અભણની ફિલસૂફી	૪૩
૩૬. મૌનની અસર	૪૪
૩૭. ઈશ્વરનું દર્શન !	૪૫
૩૮. 'સા વિદ્યા યા વિમુક્તયે'	૪૬
૩૯. વિષયાસક્તિનું ઓસડ	૪૭
૪૦. સંતની આશિષ	૪૮
૪૧. સ્વધર્મ	૫૧
૪૨. સ્વાશ્રયનો પદાર્થપાઠ	૫૩
૪૩. આગેવાનનો ધર્મ	૫૫
૪૪. યોગ્ય માગણી	૫૭
૪૫. સંતની સોબત	૬૨
૪૬. શબ્દની શક્તિ	૬૮
૪૭. સંતની ચરણરજ	૭૩
૪૮. સજ્જનનું હૃદય	૭૭
૪૯. વેરનો બદલો	૮૦
૫૦. જીવન એટલે શું ?	૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચ્ચાસ પ્રેરક પ્રસંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

હેતના ટેભા

સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ શ્રી સહજાનંદ સ્વામીને ચરણે અમૂલ્ય વસ્તુઓની ભેટ ધરતા. એક વાર સુરતના વતની આત્મારામ નામના એક દરજીએ શ્રી સહજાનંદ સ્વામીને એક સુંદર ડગલી ભેટ ધરી.

તે વખતે ભાવનગરના રાજા વજેસિંહજી ત્યાં હાજર હતા. તેમને એ ડગલી ખૂબ ગમી ગઈ. રાજાએ આત્મારામ દરજીને કહ્યું: "આવી એક બીજી ડગલી બને બનાવી આપ. હું તને સો રૂપિયા સિલાઈના આપીશ."

આત્મારામ એ સાંભળીને કહે: "મહારાજ, હવે મને એવી બીજી ડગલી સીવતાં નહીં આવડે! પૈસાના ટેભાથી એ ડગલી કંઈ સિવાઈ નથી, પણ એમાં તો હેતના ટેભા પડ્યા છે. બીજી ડગલી સીવવા એવું હેત ક્યાંથી લઈ આવું?"

૨

પ્રેમનો ભાર!

ઉનાળાના દિવસો હતા. બપોરનો વખત હતો. માથું ફાડી નાખે એવો સખત તાપ પડતો હતો. એવામાં ઉજ્જડ રસ્તે થઈને એક છોકરી પોતાના નાના ભાઈને ઉપાડીને ખેતરે જઈ રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે એક મુસાફર એને સામો મળ્યો. છોકરીને પરસેવે રેબઝેબ થઈ ગયેલી જોઈને તે બોલ્યો: "અરે છોકરી, આમ આ છોકરાને ઉપાડીને ક્યાં જાય છે? તને એનો ભાર નથી લાગતો?"

પેલી છોકરી સહજ રીતે બોલી: "ના, મને જરાયે ભાર લાગતો નથી! એ તો મારો ભાઈ છે."

૩

ચારિત્ર્યની મહત્તા

અમેરિકા દેશમાં જ્યારે ગુલામીની પ્રથા ચાલુ હતી ત્યારની આ વાત છે.

અમેરિકાના તે વખતના પ્રમુખ એબ્રાહમ લિંકન એ ગુલામીની પ્રથાને નાબૂદ કરવા તનતોડ પ્રયત્ન કરતા હતા. એ કલ્યાણકારી કામમાં કૅપ્ટન જૉન બ્રાઉન પણ આગળ-પડતો ફાળો આપતા હતા. તેમણે એ પ્રથાનો જલદી અંત આવે એ માટે એક મંડળની સ્થાપના કરી. એ મંડળનો હેતુ સમજાવતાં કૅપ્ટન જૉન બ્રાઉને લોકોને મક્કમતાથી કહ્યું: "અમારા આ મંડળમાં કૉલેરા, પ્લેગ કે ક્ષયના દર્દીઓને અમે ખુશીથી દાખલ કરીશું; પરંતુ ચારિત્ર્યહીન માણસોને અમારા મંડળમાં કદી સ્થાન મળશે નહીં!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વિવેક

ઘણાં વર્ષો પહેલાં ગ્રીસ દેશમાં સૉક્રેટીસ નામે એક મહાન ફિલસૂફ થઈ ગયા. તેઓ બહુ દેખાવડા ન હતા. પહેલી જ વાર કોઈ એમનું કદરૂપું મોં જુએ તો એમને સાચી રીતે ઓળખી નહીં શકે.

એક વાર સૉક્રેટીસ કેટલાક મિત્રો સાથે વાતચીત કરતા હતા. એવામાં એક જ્યોતિષી ત્યાં આવી ચડ્યો. માણસનો ચહેરો વગેરે જોઈને એના ગુણ પારખવાની વિદ્યા તે જાણતો હતો. મિત્રોએ કહ્યું: "ઠીક ત્યારે, તમે અમારા આ મિત્ર સૉક્રેટીસ વિષે શું કહો છો?"

પેલા માણસે સૉક્રેટીસ ભણી જોયું. સૉક્રેટીસનું બેડોળ મોં, જાડા હોઠ, મોટી આંખો, બેઠેલું ને પહોળું નાક જોઈને તે બોલ્યો: "વિષયમાં એ બહુ આસક્તિવાળો છે. વળી એની દાઢી એમ સૂચવે છે કે એ બહુ જક્કી છે."

મિત્રો અને સૉક્રેટીસ એ સાંભળીને ખડખડ હસી પડ્યા.

પેલો માણસ તો આગળ બોલવા લાગ્યો: "એનું બેઠેલ અને પહોળું નાક એમ બતાવે છે કે એ બહુ ક્રોધી છે."

મિત્રો તો આ સાંભળીને બોલી ઊઠ્યા: "હવે મહેરબાની કરીને અહીંથી જાઓ. તમારી વિદ્યાનું ખોટું પ્રદર્શન ન કરો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો માણસ ઊઠતાં ઊઠતાં બોલ્યો: "તમે બધા માનો કે ન માનો, પણ એટલું તો સાચું છે કે, એ સાવ બુદ્ધિ વગરનો છે."

પેલો માણસ એટલું કહીને જતો રહ્યો. પછી મિત્રો સૉક્રેટીસને કહેવા લાગ્યા: "એ ભાઈસાહેબ ઠીક ગપેગપ ચુંવાળસો ચલાવતા હતા!"

સૉક્રેટીસ જરા ગંભીર થઈને બોલ્યા: "મિત્રો, એ માણસે જે અવગુણો વર્ણવ્યા એ મારામાં પડેલા જ છે. માત્ર વિવેકે એના ઉપર સવારી કરી છે. એટલું જ એ બાપડો જોઈ શક્યો નહીં."

૫

શાંતિ!

એક પ્રાચીન જર્મન લોકકથા છે:—

એક દિવસે એક પાગલ માણસ ધોરી રસ્તા પર ઊભો હતો. સામેથી એક મોટું લશ્કર કૂચ કરતું આવી રહ્યું હતું.

લશ્કરને ઝડપભેર કૂચ કરતું જતું જોઈને પાગલે પૂછ્યું: "અરે, આ લોકો ક્યાંથી આવી રહ્યા છે?"

જવાબ મળ્યો: "શાંતિમાંથી."

પાગલે પૂછ્યું: "તો પછી તેઓ ક્યાં જઈ રહ્યા છે?"

"યુદ્ધમાં."

"યુદ્ધમાં જઈને એ લોકો શું કરવા માગે છે?"

"દુશ્મનોને તેઓ મારશે. તેઓનાં શહેરોને બાળી મૂકશે. દુશ્મનોનો પરાજય કરશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાગલે ફરી પૂછ્યું: "આવું આ લોકો શા માટે કરતા હશે?"

"અરે, પાગલ! તને એટલુંયે સમજાતું નથી? આ બધું તેઓ શાંતિ મેળવવા માટે કરે છે."

આ સાંભળીને પાગલ કહે: "આમાં મને કશી સમજ પડતી નથી! તેઓએ જો શાંતિ જ મેળવવી હોય, તો પછી શાંતિ માટે તેઓ યુદ્ધમાં શા સારુ જાય છે? પોતાની પહેલાંની શાંતિમાં જ એ લોકો શા માટે નહીં રહેતા હોય?"

૬

માણસની સાચી શાખ

ગ્રીસ દેશમાં જેનોક્રેટિસ નામે એક ફિલસૂફ થઇ ગયા. એક વાર એક મુકદ્દમાસમાં તેમને સાક્ષી આપવા માટે અદાલતમાં જવું પડ્યું.

અદાલતમાં એવો નિયમ હોય છે કે, સાક્ષીએ ન્યાયાધીશના આસન સામે ઊભા રહીને એવા સોગંદ લેવા જોઈએ કે, તે અદાલતમાં જે સાચી હકીકત હશે એ જ કહેશે.

નિયમ પ્રમાણે જેનોક્રેટિસ પ્રતિજ્ઞા લેવા ન્યાયાધીશના આસન સામે જઈને ઊભા.

ન્યાયાધીશ જેનોક્રેટિસની સત્યશીલતા બરોબર જાણતા હતા, એટલે તે બોલ્યા: "અરે, જેનોક્રેટિસ! આપ જેવાને સારુ આ પ્રમાણે પ્રતિજ્ઞા લેવાની કશી જરૂર જ ન હોય. અમે જાણીએ છીએ કે, આપની બધી વાત પ્રતિજ્ઞાપૂર્વક જ કહેવાયેલી હોય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

લજ્જા

અસલના વખતમાં યુરોપમાં આવેલા ગ્રીસ દેશમાં ઍરિસ્ટોટલ નામે મહાન ફિલસૂફ થઈ ગયા. તેમને પીથિયા નામે બહુ વિદ્વાન પુત્રી હતી.

એક દિવસે કોઈએ વિદુષી પીથિયાને પૂછ્યું: "ગાલ સુંદર દેખાય એ માટે સ્ત્રીઓ ગાલ ઉપર રંગ લગાડે છે. ગાલ ઉપર લગાડવા માટે સૌથી ઉત્તમ રંગ આપને કયો લાગે છે?"

પીથિયાએ કહ્યું: "લજ્જા."

૮

મનનું ઝેર

અમેરિકાના એક વખતના પ્રમુખ એબ્રાહમ લિંકને એક માણસને બીજા કોઈને ખૂબ ગુસ્સામાં આવીને ગાળો ભાંડતો જોયો. એટલે તે તેની પાસે ગયા અને બોલ્યા: "તમે એકલા એકલા આમ બખાળા કાઢયા કરો છો, એના કરતાં એને એક કાગળ લખી તમારો બધો રોષ એના પર ઠાલવો; એટલે તમને નિરાંત વળશે."

પેલા માણસને એમની વાત ગમી ગઈ. તેણે પોતાના મનનું બધું ઝેર ભેગું કરી ખૂબ જ કઠોર શબ્દોમાં લખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો રોષ ઠાલવ્યો. એબ્રાહમ લિંકન એ કાગળ વાંચીને બોલ્યા : "વાહ, તમે એને ઠીક ઝાટક્યો છે! તમારી કડકાઈ તો ભારે!"

પેલો માણસ પોતાની કડકાઈનાં વખાણ સાંભળીને રાજી થતો બોલ્યો : "એ તો એ જ લાગનો છે! પણ સાહેબ, આ પત્ર હવે એને મોકલવો શી રીતે?"

એબ્રાહમ લિંકન બોલ્યા : "અરે ભલા માણસ, હવે મોકલવાની વાત કેવી? હું તો એવો કાગળ કદી ન મોકલું. આ રીતે કાગળ લખીને મનનું બધું ઝેર હું કાઢી નાખું છું. અને ખરેખર આમ કરવાથી ઘણો લાભ થાય છે."

૯

કુલીનતા

યુરોપમાં સિસેરો નામે એક મોટા ફિલસૂફ થઈ ગયા. એક વાર તેમને એક ઉમરાવને મળવાનો પ્રસંગ આવ્યો.

પેલા ઉમરાવને પોતાના કુળની ખાનદાનીનું ખૂબ અભિમાન હતું. તેણે સિસેરોને તુચ્છકારથી કહ્યું : "તમે તો નીચ કુળના છો; જ્યારે મારું કુળ તો ખૂબ જ ઊંચું છે."

સિસેરોએ નમ્રતાથી કહ્યું : "તમારી વાત તદ્દન સાચી છે. તમારા કુળની કુલીનતાનો અંત તમે છો; જ્યારે મારા કુળની કુલીનતાનો આરંભ હું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

અહંકાર!

એક નાનકડા શહેરમાં એક વયોવૃદ્ધ પંડિત થોડા દિવસ માટે પોતાના એક મિત્રને ત્યાં આવ્યા હતા.

શહેરના વિદ્યાર્થી યુવાનોને થયું, આપણા શહેરમાં બહુ મોટા પંડિત પધાર્યા છે, તો એમને આપણે વ્યાખ્યાન માટે તેડી લાવીએ.

એક રાતે વ્યાખ્યાન જાહેર સભાગૃહમાં ગોઠવાયું. વ્યાખ્યાન સૌને ગમી ગયું. જુવાનો તો પંડિતની વિદ્વત્તા જોઈને ખૂબ મુગ્ધ બની ગયા.

વ્યાખ્યાન પછી કેટલાક જુવાનિયાઓ પંડિતજીને ઘેર મૂકી આવવા સાથે નીકળ્યા. રાત અંધારી હતી. ફાનસને અજવાળે તેઓ આગળ ચાલતા હતા.

યુવાનો કહેવા લાગ્યા : "પંડિતજી, આપનું વ્યાખ્યાન ખરેખર મનનીય હતું. જીવનનું સાચું રહસ્ય શું છે, એ અમને સમજાતું ન હતું! આપના વ્યાખ્યાનથી અમને નવી જ દિશા મળી ગઈ. આપે વચ્ચે વચ્ચે જે સરળ ઉદાહરણો આપ્યાં હતાં, એ તો સાચે જ બહુ સચોટ હતાં. પંડિતજી, આપનું વ્યાખ્યાન સાંભળીને અમે ધન્ય બની ગયા!"

આમ તેઓ પંડિતજીની મુક્ત કંઠે પ્રશંસા કરવા લાગ્યા. પંડિતજી પણ મૂગા મૂગા સાંભળી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બધા જરા શાંત થયા, એટલે પંડિતજી ધીર, ગંભીર અવાજે બોલ્યા : "ભાઈઓ, મારા વ્યાખ્યાનથી તમને બધાને લાભ કદાચ થયો હશે; પણ હું આટલું અસરકારક વ્યાખ્યાન કરી શકું છું એ ખ્યાલથી તો મારો અહંકાર જ પોષાયો !"

૧૧

હિંમત

એક વાર મહાત્મા અલહુસેન નૂરી બગદાદી એક શહેરમાં થઈને પસાર થતા હતા. ત્યાં જાહેર ચોગાનમાં રાજ્યના સેવકો એક વૃદ્ધ માણસને કોઈક ગુના ખાતર નેતરની સોટીથી ફટકારતા હતા. એ જોઈને નૂરી સાહેબ કંપી ઊઠ્યા.

પેલા વૃદ્ધ માણસનું શરીર સાવ કૃશ હતું. તેનામાં જરાયે બળ ન હતું. છતાં તે નેતરના ફટકા ખૂબ શાંતિથી સહન કરતો હતો ! દુઃખનો તે જરા પણ અવાજ કરતો ન હતો.

આ વૃદ્ધ માણસનું આવું અજબ ધૈર્ય જોઈને નૂરી સાહેબ ખૂબ નવાઈ પામ્યા. તેમણે એ વૃદ્ધને પૂછ્યું : "અરે ભાઈ, તમે આટલા ઘરડા છો; તમારું શરીર પણ ખૂબ નબળું છે. તો પછી તમે આવા સખત ફટકા ધીરજથી શી રીતે સહન કરી શકો છો ?"

પેલો વૃદ્ધ માણસ બોલ્યો : "દુઃખનું કે આફતનું વહન હિંમતથી થાય છે, શરીરથી નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કર્તવ્ય

દરિયામાં એકાએક તોફાન શરૂ થયું. એક વહાણમાંથી કેટલાંક માણસો ઊથલાઈને પાણીમાં પડી જઈ ડૂબવા લાગ્યાં.

આ કરુણ દૃશ્ય જોઈ બધાં માણસો ગભરાઈ ગયાં. એક ગુલામે પોતાના માલિકને નમન કરી અરજ કરી: "શેઠજી, આપ હુકમ આપો તો હમણાં આ ડૂબતાં માણસોને બચાવું."

શેઠ કહે: "આવા તોફાનમાં આ ખલાસીઓ કશું કરી શકે એમ નથી, તો પછી તું શા માટે નાહક મરવા પડે છે?"

પણ ગુલામે તો શેઠનું સાંભળ્યા વિના તરત જ દરિયામાં ઝંપલાવ્યું.

મહામહેનતે તેણે પાંચ માણસોને બહાર કાઢ્યાં.

આ જોઈને તેનો માલિક ખુશ થઈને બોલ્યો: "શાબાશ! શાબાશ! જા આજથી તું છૂટો. હું તને ગુલામીમાંથી મુક્ત કરું છું. હવે સાહસ મા કર."

પણ ગુલામ કહે: "અરે શેઠજી, મુક્તિની હમણાં વાત કેવી? હજી પેલો એક માણસ પણે દૂર ડૂબકાં ખાઈ રહ્યો છે. એને બચાવું એટલે બસ."

એમ કહીને પેલા ગુલામે તોફાની પાણીમાં ઝંપલાવ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२०५१
२५
३०४०

૧૩

દવા

બંગાળામાં હાજીમોહમ્મદ મહસીન નામે એક પરદુઃખભંજન દયાળુ પુરુષ થઈ ગયા. તેઓ બહુ વિદ્વાન તેમ જ સદાચારી અને પરોપકારી હતા. ગરીબોનાં દુઃખો હળવાં કરવા માટે તેઓ રાતદિવસ મથતા.

એક વાર તેમના એક નોકરે આવીને કહ્યું: "શેઠજી, આજે મારે ઘેર જવું છે."

હાજીમોહમ્મદે પૂછ્યું: "કાં?"

નોકર કહે: "શેઠજી, મારી નાની બહેન બીમાર છે. એટલે મારે ઘેર જવું પડશે. માટે મહેરબાની કરી થોડા દિવસની રજા આપશો."

હાજીમોહમ્મદ બોલ્યા: "અરે ભલા માણસ, એમાં વળી મહેરબાની કેવી? ખુશીથી તું તારે ઘેર જા. પાછા આવવાની ઉતાવળ કરતો મા. તારી બહેનને સારું થઈ જાય પછી જ આવજે. અને હાં, જરા થોભ."

એમ કહીને હાજીમોહમ્મદ મહસીન અંદરના ઓરડામાં ગયા અને ત્યાંથી આવીને બોલ્યા: "આ પડીકું લે. એમાં તારી બહેન માટે દવા છે."

નોકરે ઘેર જઈને પડીકું ખોલ્યું, તો એમાં રૂપિયા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

દાનેશરી

એક ગામમાં એક સજ્જન માણસ રહેતા હતા. દાન કરવામાં તેમનો હાથ હંમેશાં ઊંચો રહેતો. પરંતુ તે હંમેશાં નીચું માથું રાખીને દાન કરતા.

આ જોઈને એક દિવસે એક માણસે પૂછ્યું: "તમે હંમેશાં દાન કરો છો, પરંતુ દાન આપતી વખતે તમે નીચું માથું શા માટે રાખો છો? તમારી નજર નીચે જમીન તરફ હોવાથી તમે કોને દાન આપો છો એ તમે જોઈ શકતા નથી. તેથી કેટલાક લુચ્ચા લોકો તમારી આવી વિચિત્ર રીતનો લાભ ઉઠાવી બબ્બે વાર દાન લઈ જાય છે!"

પેલા સજ્જન માણસ શાંત અવાજે બોલ્યા: "ભાઈ, આ બધું દાન આપવાવાળો તો ભગવાન છે. હું તો માત્ર એનો દાસ છું. એના હુકમ અનુસાર હું સૌને દાન આપું છું. પણ લોકો તો એમ માને છે કે, હું બહુ મોટો દાનેશરી છું! આ જાણીને મને ખૂબ શરમ આવે છે. તેથી શરમનો માર્યો હું મારું માથું ઊંચું કરી શકતો નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

શરીરરક્ષા

શ્રી. દાદાભાઈ નવરોજી હિંદના ‘દાદા’ તરીકે જાણીતા છે. તેમની ૮૬મી વર્ષગાંઠનો આ પ્રસંગ છે. હિંદ દેશની ગુલામીની જંજીરોને તોડી પાડવા મથતા બુઝુર્ગ દાદાની ૮૬મી જયંતી હોવાથી આખા દેશમાં સૌ કોઈ એ દિવસને હોંશભેર ઊજવતા હતા.

એ જયંતીની ઉજવણીના માનમાં એક મોટો મેળાવડો ગોઠવવામાં આવ્યો હતો. દાદા પણ તેમાં હાજર હતા. વાતચીત નીકળતાં ‘સત્સંગ’ નામના એક પત્રના તંત્રીએ દાદાને પૂછ્યું: “દાદા, આપ આટલા વૃદ્ધ હોવા છતાં હજી એક જુવાન જેટલા જ જોમવાન દેખાઓ છો. આપ શરીરનું આટલું સારું જતન કરવા માટે કેવા નિયમો પાળો છો એ તો અમને જરા કહો, જેથી અમે પણ એ પરથી થોડુંઘણું શીખીએ?”

દાદા શાંત અવાજે બોલ્યા: “ભાઈઓ, હું કદી દારૂ પીતો નથી; તમાકુ તથા માંસને કદી અડતો નથી; મસાલા કે અથાણાં કદી ખાતો નથી. અને તમોગુણને ઉશ્કેરે એવી સંગતને તેમ જ આચારવિચારને મેં નાનપણથી તિલાંજલિ આપી છે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

લગ્ન!

ગ્રીસ દેશના મહાન ફિલસૂફ સૉક્રેટીસ પાસે ઘણા લોકો સલાહ લેવા આવ્યા કરતા. અને સૉક્રેટીસ પણ તેમને ટૂંકાં સૂત્રાત્મક વાક્યોમાં અનુભવપૂર્ણ જવાબ આપતા.

એક વાર એક ભાઈએ આવીને તેમને પૂછ્યું: "મારે લગ્ન કરવાં કે નહીં?"

સૉક્રેટીસ સહજ ભાવે બોલ્યા: "તમે લગ્ન કરો કે ન કરો; બંને અવસ્થામાં તમારે પસ્તાવું પડશે."

૧૭

ભય!

એક વાર ગુરુ મચ્છિન્દ્રનાથ અને તેમના શિષ્ય ગોરખનાથ એક સ્થળેથી બીજે સ્થળે જતા હતા. રસ્તામાં એક સુંદર તળાવ આવ્યું. ગુરુ કહે: "બેટા ગોરખ, આ ઝોળી બરાબર સંભાળીને અહીં ઝાડ તળે તું બેસ. હું હમણાં નાહીને આવું છું."

ગુરુ મચ્છિન્દ્રનાથ ઝોળી સોંપીને ગયા. પણ ઝોળીમાં કશું ભારે ભારે જણાવાથી ગોરખનાથે ઝોળી ઉઘાડીને જોયું, તો એમાં સોનાની ઈંટ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જોઈને ગોરખનાથને ભારે નવાઈ લાગી. તે મનમાં કહેવા લાગ્યા : "અરે, ગુરુજી જેવા સિદ્ધ પુરુષ આવી કાંચનની માયામાં ક્યાંથી ફસાઈ પડ્યા? કાંચન, ધન એ તો માણસને માણસાઈ વિનાનો કરી મૂકે છે, માણસની જંજાળ વધારે છે. અને જેમ જેમ એ મળતું જાય તેમ તેમ વધારે ને વધારે મેળવવાનો લોભ વધતો જ જાય. ધન શું કે સુવર્ણ શું, એ બધું અનર્થનું મૂળ છે. ધર્મશાસ્ત્ર એટલે જ સંન્યાસીઓને ઉપદેશ આપે છે કે, 'પૈસાનો જો સ્પર્શ થઈ જાય, તો સંન્યાસીએ ત્રણ દિવસ જેટલું તપ કરીને, પ્રાયશ્ચિત્ત કરીને પવિત્ર બની જવું.' તો પછી ગુરુજી આવી માયાજાળમાં શી રીતે લપટાયા?" એમ વિચાર કરીને ગોરખનાથે એ સોનાની ઈંટને બીજી બાજુએ જઈને તળાવમાં ફગાવી દીધી.

થોડી વાર પછી ગુરુ મચ્છિન્દ્રનાથ આવ્યા. આગળ ચાલતાં પહેલાં તેમણે પૂછ્યું : "બેટા, આપણને નિર્જન રસ્તે થઈને જવાનું છે. રસ્તામાં કશો ભય તો નથી ને?"

ગોરખનાથ દૃઢ અવાજે બોલ્યા : "ગુરુજી, ભયને તો મેં ક્યારનો આપની ઝોળીમાંથી ફગાવી દીધો છે! આપ સુખેથી આગળ ચાલો."

શિષ્યની કસોટી કરતા ગુરુ મચ્છિન્દ્રનાથ પોતાના વહાલા શિષ્ય ગોરખનાથની આવી કાંચન-મુક્તિની દશા જોઈને મનમાં આનંદ પામતા આગળ ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

દાનો દુશ્મન

એક વાર ઈરાનના બાદશાહ નૌશેરવાન પાસે આવીને એક માણસે કહ્યું: "નામવર, આપને એક ખુશખબર આપું છું. આપને એ જાણીને આનંદ થશે કે, આપનો એક કટ્ટર દુશ્મન મરણ પામ્યો છે!"

બાદશાહ નૌશેરવાન સ્વસ્થ અવાજે બોલ્યા: "પણ આજ લગી મેં તેના જે કંઈ અપરાધો કર્યા છે એની મને તે મરતી વખતે માફી આપી ગયો છે કે નહીં, એ વિષે તને કશી ખબર છે ખરી? દુશ્મનના મરણના સમાચાર સાંભળીને આનંદ પામવાનું શું હોય? મારે પણ એક દિવસ મરવાનું તો છે જ."

૧૯

પારસમણિરૂપ સંત

માણસોને ચીભડાંની માફક કાપી નાખનાર તથા ચોરોના સરદાર જોબન પગીના ગળામાં કંઠી જોઈને એક માણસે તેને પૂછ્યું: "અલ્યા, સ્વામીનારાયણમાં તેં એવું તે શું જોયું કે તું આવો ભગતડો બની ગયો? શું એમને ગધેડાની ગાય કરતાં આવડે છે કે?"

જોબન પગી બોલ્યો: "હોવે; આ જુઓને, મારા જેવા ચોરોને પણ એમણે સાધુ જેવા બનાવી દીધા! એથી તે વળી ગધેડાની ગાય કેમ કરાતી હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

કાયદો અને પ્રામાણિકતા

શ્રી. ચિત્તરંજન દાસ આપણા દેશમાં 'દેશબંધુ દાસ' તરીકે જાણીતા થઈ ગયા છે.

તેમના પિતાશ્રી ખૂબ ધનવાન હતા. પરંતુ તે સ્વભાવે ઉદાર હોવાથી ઘણી વાર દેવું પણ થતું. એક વખતે એક મિત્રે તેમને ચાલીસ હજાર રૂપિયાના જામીન થવા વીનવ્યા. તે તો તરત જ તૈયાર થઈ ગયા. અને છેવટે એવું બન્યું કે તેમને એટલી મોટી રકમ ભરવી પડી!

આગળ જતાં તેમની પાસે કશું રહ્યું નહીં, તેથી નાછૂટકે તેમણે નાદારી લીધી. એ બધું કામ કાયદેસર પતી ગયું.

હવે દાસબાબુ વર્ષો પછી ખૂબ કમાયા. તેથી તેમણે કોર્ટમાં જઈને પોતાના પિતાશ્રીની નાદારી રદ કરવાની અરજી કરી અને જણાવ્યું કે, સૌનું દેવું પાઈએ પાઈ ભરી દેવા હું તૈયાર છું.

આ જાણીને કોઈએ તેમને કહ્યું: "ખરી રીતે જોઈએ તો કાયદેસર તમારે માથે કંઈ દેવું નથી."

એ સાંભળીને દાસબાબુ બોલ્યા: "કાયદા કરતાં પ્રામાણિકતા મને વધારે પસંદ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

શત્રુતા મટાડવાનો કીમિયો

એક વાર એબ્રાહમ લિંકન સાથે તેમના કેટલાક મિત્રો વાતચીત કરતા હતા. એ દરમિયાન એક મિત્રે તેમને કહ્યું : "તમે નકામા તમારા દુશ્મનોને માથે ચડાવો છો. એવા લોકોને તો સીધાદોર કરી મૂકવા જોઈએ. તમે તો મોટા હોદ્દા ઉપર છો. કોઈની શી મગદૂર છે કે તમારી સાથે દુશ્મનાવટ કરી શકે? તમે એવા લોકોને મિત્રો શા માટે બનાવો છો? તમારે તો એવાને જડમૂળથી ઉખેડી નાખવા જોઈએ."

હમેશની રીત મુજબ એબ્રાહમ લિંકન મુખ પર આછું સ્મિત ફરકાવતા બોલ્યા : "મિત્રો, તમે પણ ખરા છો! તમે જ કહો ભલા, હું મારા દુશ્મનોનું પ્રેમથી દિલ જીતી લઈને તેઓને મારા મિત્રો બનાવું છું, એથી હું દુશ્મનોનો નાશ નથી કરતો તો બીજું શું કરું છું?"

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

ઝઘડો મટાડવાનો એક ઉપાય

એક ખેડૂત અવસાન પામ્યો. એટલે તેના ખેતરની બાબતમાં તેના બે દીકરાઓ વચ્ચે ઝઘડો થયો. ખેતરના શી રીતે બે સરખા ભાગ પાડવા એનો એ બે ભાઈઓ કોઈ પણ રીતે નિવેડો ન લાવી શક્યા. કેટલાક પેટના બળ્યા લોકોએ એ ભાઈઓને એકબીજાની ઉપર કોરટમાં દાવો કરવાની અવળી સલાહ પણ આપી. પરંતુ એક ઘરડા માણસે કહ્યું: "તમે બંને ભાઈઓ એક વાર આપણા ગામમાં ભગત રહે છે એમની સલાહ લઈ આવો."

આ વાત બંને ભાઈઓએ માન્ય કરી અને તેઓ ભગત પાસે ગયા.

ભગતે એ બંને ભાઈઓની વાત ધ્યાન દઈને સાંભળી. પછી ભગત બોલ્યા: "ભાઈઓ, આવી વાત માટે કોરટ-દરબારે જવાની જરૂર નથી. તમે એક કામ કરો: તમારામાંથી એક ભાઈ ખેતરના બે ભાગ પાડો અને તેની પસંદગીનો પહેલો હક બીજા ભાઈને આપો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

અમૂલખ વસ્તુ

શ્રીમદ્ રાજચંદ્ર નામે થોડાં વર્ષ પર જ એક મહાપુરુષ થઈ ગયા. મહાત્મા ગાંધીજી ઉપર પણ એમની ઊંડી અસર પડી હતી.

એક વાર શ્રીમદ્ રાજચંદ્રની સ્થિતિ કાવિઠા મુકામે હતી. ત્યાંના કેટલાક વિદ્યાર્થીઓ વગડામાં તેમનો બોધ સાંભળવા આવ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્રે તેઓને પૂછ્યું: "છોકરાઓ, એક પ્રશ્ન પૂછું છું તેનો તમે જવાબ આપશો?"

છોકરાઓ કહે: "પૂછો."

શ્રીમદ્ રાજચંદ્રે પૂછ્યું: "તમારા એક હાથમાં છાશનો ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘીનો ભરેલો લોટો હોય; અને તમને રસ્તે જતાં કોઈનો ધક્કો વાગે તો તે વખતે તમે કયા હાથના લોટાને જાળવશો?"

એટલે એક છોકરાએ જવાબ આપ્યો: "ઘીનો લોટો જ જાળવીશું."

શ્રીમદ્ — "કેમ? ઘી અને છાશ તો એકમાંથી જ ઉત્પન્ન થાય છે ને?"

છોકરો કહે: "છાશ ઢળી જાય તો ઘણાય ફેરા કોઈ ભરી આપે, પણ ઘીનો લોટો કોઈ ભરી નહીં આપે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી શ્રીમદ્ રાજચંદ્રે પોતાની સાથેના મુમુક્ષુઓને સમજાવ્યું: "છાશના જેવો આ દેહ છે, તેને આ જીવ સાચવે છે; અને ઘીની માફક આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે! પણ જો આત્માને ઘીની તુલ્ય મૂલ્યવાન જાણે તો તે આત્માને પણ સાચવે; અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરે."

૨૪

બે ઘુવડો

અરબસ્તાનમાં એક વખત એક સુલતાન રાજ્ય કરતો હતો. તે ખૂબ જુલમી હતો. આસપાસના પ્રદેશના લોકો એના રંજાડથી ત્રાસી ગયા હતા. લોકોનો સંહાર કરવો અને ગામ ઉજ્જડ કરી મૂકવાં એ વસ્તુ સુલતાનને રમત જેવી બની ગઈ હતી.

એ સુલતાનનો વજીર બહુ સમજદાર માણસ હતો. સુલતાનની આવી ક્રૂરતા તેને પસંદ ન હતી.

એક દિવસ સાંજની વેળાએ સુલતાન અને વજીર નગર બહાર ફરીને પાછા ફરતા હતા. એવામાં રસ્તા ઉપરના એક ઝાડ ઉપર બે ઘુવડોને વાતો કરતાં જોઈને સુલતાન બોલ્યો: "અરે વજીરજી, તમે એક દિવસ કહેતા હતાને કે, તમને પંખીઓની બોલી સમજાય છે? તો કહો, આ બે ઘુવડો શું બોલી રહ્યાં છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજીરે તો અમસ્તું જ એક વાર આમ સુલતાનને કહ્યું હતું. કોઈ વાર લાગ મળે ને એ બહાને સુલતાનની સાન ઠેકાણે લાવી શકાય તો સારું, એવી કોઈ પેરવીમાં જ વજીર હતો. આજે લાગ મળેલો જોઈને તે બોલ્યો: "જહાંપનાહ, આ ઘુવડો ભારે કમબખ્ત છે! એમની વાત સાંભળવા જેવી નથી."

આથી તો સુલતાનનું કુતૂહલ વધ્યું. તે બોલ્યો: "વજીરજી, મને કહો તો ખરા? એવું તે એ લોકો શું બોલી રહ્યા છે?"

વજીર જરા ગંભીર થઈને બોલ્યો: "પરવરદિગાર, આપ મારા ઉપર ગુસ્સે ન થાઓ તો કહું."

સુલતાન તરત જ બોલી ઊઠ્યો: "અરે, એમાં ગભરાઓ છો શા માટે? જે હોય તે કહી દો. એમાં તમે જરાયે દોષિત નહીં ઠરો. તમે બેફિકર રહો."

વજીર બોલ્યો: "ગરીબનવાજ, ત્યારે સાંભળો. આ બે ઘુવડોમાંના એકને દીકરી છે અને બીજાને દીકરો છે. દીકરાનો બાપ કહે છે: 'તમારી છોકરીને મારા છોકરા સાથે પરણાવો.' ત્યારે પેલો છોકરીનો બાપ કહે છે: 'એ માટે હું તૈયાર છું. પણ મને એના બદલામાં સો ઉજ્જડ ગામ આપવાનું કબૂલ કરવું પડશે.' એ સાંભળીને પેલો દીકરાવાળો ઘુવડ બોલ્યો: 'ભાઈ, એ મારા હાથની વાત નથી. પરંતુ જો ખુદા આપણા આ સુલતાનને એક વરસ વધારે જિવાડે તો હું તમને જરૂર સો ઉજ્જડ ગામ ખુશીથી આપીશ.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજીરની આ વાત સાંભળીને સુલતાન વિચારમાં પડી ગયો. અને ત્યારથી તેણે પોતાના તાબાનાં ગામોને ખેદાન-મેદાન કરવાનું છોડી દીધું.

૨૫

સત્ય અને અસત્ય

એક ફ્રેન્ચ લોકકથા છે: સત્ય અને અસત્ય નામે બે બહેનો હતી. એક દિવસે એ બંને બહેનો નદીએ નાહવા ગઈ. કપડાં ઉતારીને તેઓ નદીમાં નાહવા લાગી.

થોડી વારમાં અસત્ય બહાર નીકળી અને સત્યનાં કપડાં પહેરવા લાગી.

સત્ય તો હજી નાહતી જ હતી. પણ એનું ધ્યાન અસત્ય પર પડતાં તે બોલી ઊઠી: "અરે, અસત્ય! તું મારાં કપડાં કયાં પહેરે છે?"

પણ અસત્ય શાની સાંભળે? એ તો સત્યનાં કપડાં પહેરીને ત્યાંથી પલાયન કરી ગઈ!

સત્ય બાપડી પાણીમાંથી જલદી જલદી બહાર આવી, પણ હવે શું થાય? તેને અસત્યનાં કપડાં પહેરવાં પડયાં!

ત્યારથી આ દુનિયામાં આપણે જોઈએ છીએ કે, માણસમાં સત્યાસત્ય પારખવાનો વિવેક ન હોય, તો સત્યના વાઘા પહેરીને ફરતા અસત્યને તે સત્ય માની લે છે અને અસત્યના પોશાકમાં રહેલા ખરા સત્યને તે ઓળખી શકતો નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

ત્યાગ-ભાવના

ઈ. સ. ૧૬૭૬ની આ વાત છે. ઇંગ્લૅંડ દેશમાં એયમ નામે નાનકડું ગામડું હતું. એ ગામમાં એક વાર ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. રોજ રોજ વધારે ને વધારે માણસો એ જીવલેણ મરકીના ભોગ થવા લાગ્યાં.

ગામના લોકો આ રોગથી ત્રાસી ગયા. બધા કહેવા લાગ્યા : "અહીં રહેવામાં ભારે જોખમ છે. જીવ બચાવવો હોય તો આસપાસની ટેકરીઓ પર આવેલાં ગામોમાં ચાલ્યા જવું જોઈએ. નહીં તો આ ખીણ આપણા મોતની ખાઈ જ બની રહેશે!"

પણ એ ગામના પાદરી સૌને શાંત પાડીને બોલ્યા : "ભાઈઓ, સૌને પોતાનો જીવ વહાલો તો છે જ. પણ આપણે આપણા જીવને બચાવવા ખાતર સ્વાર્થી બનવું ન જોઈએ. ભગવાન ઈશુએ કહ્યું છે: 'જે જિંદગીના જતનની પાછળ પડશે તે જીવતર ખોશે અને જે અન્યને ખાતર જીવતર સોંઘાં ગણશે, આત્મસમર્પણ કરશે તે જીવન પામશે.' માટે ભાઈઓ, જરા ધીરા પડો. આપણા ઉપર આવી પડેલી કુદરતી આફતથી અકળાઈ ન જાઓ. શાંત ચિત્તે વિચાર કરો. ભાઈઓ, તમે એટલું તો કબૂલ કરશો જ કે આપણામાં પ્લેગનો ફેલાવો થઈ ગયો છે. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જો આ ગામ છોડીને બીજાં ગામોમાં જઈને રહીશું, તો ત્યાંના લોકોમાં પણ એ રોગ ફેલાઈ જશે અને આપણી ખાતર બીજાં ગામોના લોકો બિચારા નાહક પ્લેગના ભોગ બનશે! પ્લેગની ભયંકરતા આપણે નજરોનજર દેખીએ તો છીએ જ. માટે આપણા સ્વાર્થ ખાતર બીજાં ગામોના લોકોને શા માટે એ યાતનામાં નાખીએ? આપણે એટલા સ્વાર્થી બનવું ન જોઈએ. એટલી ત્યાગ-ભાવના આપણે બતાવવી જ જોઈએ. માટે જો તમને સૌને મારી વાત માન્ય હોય, તો આપણે સૌ અહીં જ રહીએ અને આ ભયંકર પ્લેગની સામે સાથે મળીને ઝઝૂમીએ."

ધર્મગુરુના આ ઉદ્ગારોની બધા લોકો પર ઊંડી અસર પડી. બધાએ ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. મોત આવે તો ભલે, પણ ગામમાંથી બહાર જઈ બીજાં ગામોને આ ત્રાસમાં ન નાખવાં એવો દૃઢ સંકલ્પ કરી બધાં માણસો ભગવાનનું સ્મરણ કરતાં ત્યાં શાંતિથી રહેવા લાગ્યાં.

આમ કપરા સાત મહિના પસાર થઈ ગયા. અડધું અડધ ગામ ઉજ્જડ થઈ ગયું! પાદરીની પત્ની પણ એ રોગની ભોગ બની. સૌ લોકો દૃઢતાથી પોતાનાં સ્વજનોને વિદાય આપતા હતા. રડીને શો ફાયદો? એ લોકો ટપોટપ થતા મોતથી પણ જાણે ટેવાઈ ગયા. સ્વસ્થ ચિત્તે, હસતે મુખડે તેઓ પોતાનાં સગાંસંબંધીઓને અંતિમ વિદાય આપતા હતા. અને આમ ત્યાગ-ભાવનાની કપરી કસોટીમાંથી પસાર થઈ એ ગામ ખરેખર ધન્ય બની ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

અનન્ય નિષ્ઠા

એક વાર મહાત્મા ગાંધીજી દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના પ્રમુખ તરીકે મદ્રાસ ગયા હતા. શ્રી. મહાદેવભાઈ દેસાઈ પણ એમની સાથે હતા. મદ્રાસથી પાછા ફરતી વખતે શ્રી રમણ મહર્ષિની વાત નીકળી. શ્રી. રાજેન્દ્રપ્રસાદ અને શ્રી. જમનાલાલજી બજાજ શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં જઈ આવ્યા હતા. તેઓએ બાપુજીને મહર્ષિની ઉગ્ર તપસ્યાના પ્રભાવની વાતો કરી હતી.

મદ્રાસથી આવતાં રસ્તામાં બેઝવાડા સ્ટેશન આવે છે. ત્યાં ગાડી બદલીને તિરુવણ્ણમલૈ જવાય છે. ત્યાં શ્રી રમણ મહર્ષિનો આશ્રમ છે. બાપુજીએ મહાદેવભાઈને કહ્યું: "મહાદેવ, આશ્રમ રસ્તામાં જ આવે છે; માટે એક વાર એ આશ્રમનાં દર્શન તો કરી આવો."

મહાદેવભાઈ તો તૈયારી કરવા લાગ્યા. એમના પુત્ર નારાયણે તો ઉમંગમાં આવી જઈ બિસ્તરો પણ બાંધી દીધો! બાપુ કહે: "મહાદેવ, તમને ત્યાં ગમી જાય તો બેત્રણ મહિના રહેજો."

મહાદેવભાઈએ તો તરત જ બિસ્તરો છોડી નાખ્યો અને તેઓ બાપુને કહેવા લાગ્યા: "બાપુ, મારે નથી જવું!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુએ પૂછ્યું : "કેમ, એકાએક તમને શું થઈ ગયું?"

મહાદેવભાઈ કહે : "બાપુ, મારે એક સ્વામી બસ છે, બીજા નથી કરવા!"

૨૮

ગર્વખંડન

સૉક્રેટીસના સમયમાં આલ્સિબાઇડિસ નામનો ખૂબ પૈસાદાર માણસ થઈ ગયો. તેને પોતાના ધનનું, પોતાની જાગીરીનું ખૂબ જ અભિમાન હતું. તે અભિમાનમાં એમ જ માનતો કે તેના જેવો તવંગર માણસ આખી દુનિયામાં ક્યાંય છે જ નહીં.

આ વાતની સૉક્રેટીસને જાણ થતાં તેઓ એની પાસે દુનિયાનો નકશો લઈને ગયા અને બોલ્યા : "આમાં આપ આપણો ઍટિકા પ્રાંત બતાવશો?"

ઍટિકા પ્રાંત ઘણો નાનો હતો અને આખી દુનિયાના નકશામાંથી શોધી કાઢવો ખરેખર મુશ્કેલ હતો. થોડી વાર મહેનત કર્યા પછી આલ્સિબાઇડિસે તે શોધી કાઢી સૉક્રેટીસને બતાવ્યો.

પછી સૉક્રેટીસે પૂછ્યું : "હવે એ ઍટિકા પ્રાંતમાં આપની જાગીર જરા બતાવો ને?"

આલ્સિબાઇડિસ હસતો હસતો બોલ્યો : "તમે પણ ખરા છો! આ દુનિયાના નકશામાંથી માંડ માંડ આ ઍટિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાંત બતાવ્યો અને એ પણ ટપકા જેવડો જ છે! એમાં વળી મારી જાગીર શી રીતે બતાવી શકાય?"

એ સાંભળી સૉક્રેટીસ બોલ્યા: "આખી દુનિયાના હિસાબમાં તમારી જાગીરીની જમીનના કટકાની કશી વિસાત નથી; જ્યારે આવી તુચ્છ જાગીરીની માલિકીને લીધે આપનો ગર્વ કેટલો ઉછાળા મારી રહ્યો છે! આવી નજીવી જમીનના માલિક થવા બદલ આપ શા હિસાબે આટલા ફુલાઈને ફરો છો?"

૨૯

શ્રેષ્ઠ કોણ?

એક વાર સંત હુસેનને એક માણસે એક કૂતરા તરફ એમનું ધ્યાન ખેંચીને પૂછ્યું: "આપ બંનેમાંથી શ્રેષ્ઠ કોણ? કૂતરો કે આપ?"

સાધુચરિત હુસેન સાહેબ બોલ્યા: "ભાઈ, જ્યાં સુધી હું પવિત્ર કામોમાં મારો વખત પસાર કરતો હોઉં, ત્યાં સુધી હું આ કૂતરા કરતાં ચડિયાતો ગણાઉં. પરંતુ જો હું પાપમય જીવન ગાળતો હોઉં, તો આ કૂતરો મારા જેવા સો હુસેન કરતાં પણ શ્રેષ્ઠ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

સફળતાનું કારણ

જૉન હંટર નામના એક પ્રખ્યાત દાક્તરને કોઈ માણસે એક વાર પૂછ્યું : "દાક્તર સાહેબ, આપને આપના કામમાં આટલી સફળતા મળી છે, એનું કારણ શું ?"

ડૉ. જૉન હંટર બોલ્યા : "મારો એવો સિદ્ધાંત છે કે, કોઈ પણ કામ શરૂ કરતા પહેલાં હું એ વિષે સારી પેઠે વિચારી લઉં છું. મારાથી એ કામ બરોબર પાર પડશે કે નહીં, એનો હું તાગ કાઢી લઉં છું. જો એ કામ મારાથી થઈ શકે એવું હોય, તો પછી એની પાછળ તન-તોડ મહેનત કરવામાં હું જરાયે કસર આવવા દેતો નથી. એક વાર કોઈ પણ કામનો આરંભ કરું છું, પછી તેને પાર પાડીને જ હું જંપું છું. આ જ સિદ્ધાંત ઉપર ચાલવાથી મને મારા કામમાં સફળતા મળી છે."

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

સંતની અવળી વાણી!

એક વાર સંત ઇબ્રાહીમ રાતની વેળાએ ઘેર જતા હતા. નગરના ચોકીદારે તેમને અટકાવીને પૂછ્યું: "અલ્યા, તું કોણ છે?"

સંત ઇબ્રાહીમ બોલ્યા: "ગુલામ."

ચોકીદારે પૂછ્યું: "ક્યાં રહે છે?"

સંત ઇબ્રાહીમે જવાબ આપ્યો: "કબ્રસ્તાનમાં."

આ સાંભળીને પેલા ચોકીદારને લાગ્યું કે, આ માણસ મારી મશ્કરી કરે છે. એટલે તેણે ગુસ્સામાં આવી જઈ સંતને પકડીને માર માર્યો.

હવે બીજે દિવસે પેલા ચોકીદારને ખબર પડી કે, રાતે પેલો માણસ તો મહાત્મા ઇબ્રાહીમ હતા! એટલે તે તરત જ તેમની પાસે જઈને માફી માગવા લાગ્યો અને બોલ્યો: "બાબા, આપના જવાબો એવા અવળા હતા કે મારાથી મારો ગુસ્સો કાબૂમાં રાખી શકાયો નહીં. હવે મારી બેઅદબી માફ કરી આપના જવાબોનો અર્થ સમજાવવા મહેરબાની કરો."

સંત ઇબ્રાહીમ હસતા હસતા બોલ્યા: "ભાઈ, એમાં તારો શો વાંક? જગત-ભગતની રીત નિરાળી છે. હવે સાંભળ. આપણે સૌ ખુદાના ગુલામ જ છીએ અને આપણું છેવટનું નિવાસસ્થાન કબ્રસ્તાન જ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

અશરણનું શરણ

એક વાર એક ભક્ત ઉપર ભારે સંકટ આવી પડ્યું. ગામના કેટલાક લોકો ભેગા મળીને એને મારવા આવ્યા.

તે શંકર ભગવાનનો ભક્ત હતો. એટલે તેણે આર્ત સ્વરે ભગવાનને વહારે આવવા અરજ કરી.

આ તરફ કૈલાસમાં શંકર ભગવાન પાર્વતીજી સાથે બેઠા હતા. ભક્તનો આર્તનાદ સાંભળીને તે સફાળા ઊઠ્યા અને ભક્તની વહારે જવા નીકળ્યા.

થોડી વાર પછી તરત જ શિવજી પાછા ફર્યા. એટલે પાર્વતીજીએ પૂછ્યું: "નાથ, આટલા જલદી કેમ પાછા ફર્યા? શું તમે ત્યાં ગયા એ પહેલાં સંકટ દૂર થઈ ગયું હતું?"

ભગવાન કહે: "ના રે, ના. હું ત્યાં ગયો ત્યારે મારો એ ભક્ત પેલા લોકો ઉપર પથરા મારીને પોતાનો બચાવ કરી રહ્યો હતો. મને થયું કે એ એનું ફોડી લે છે તો પછી મારે વહારે ધાવાની શી જરૂર? ભગવાન તો અશરણનું જ શરણ છે, એ તમે ક્યાં નથી જાણતાં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

સત્સંગનો મહિમા

એક વાર એક ફારસી કવિએ પવિત્ર ધર્મગ્રંથ કુરાને શરીફ ઉપર થોડી ધૂળ પડેલી જોઈ. તેણે આ જોઈને પૂછ્યું: "અરે, આ પવિત્ર ધર્મ-પુસ્તક ઉપર તારા જેવી તુચ્છ અને નકામી ચીજ ક્યાંથી આવીને પડી?"

ત્યાં તો ધૂળને એકાએક વાચા થઈ. ધૂળ કહે: "બાબા, એ તો સત્સંગનો પ્રતાપ છે. પહેલાં પવનની સાથે મને સત્સંગ થયો. પવને મને એક ફૂલ ઉપર જઈને મૂકી દીધી. પછી એક ભક્તજને આવીને એ ફૂલો ચૂંટી લીધાં અને તેણે આ પવિત્ર કુરાન પર એ ફૂલોને ચડાવ્યાં. એટલે ફૂલના સત્સંગને લીધે હું પણ ફૂલોની સાથોસાથ આવી પવિત્ર જગ્યાએ આવીને પડી."

૩૪

દેશવાસીઓનું ગૌરવ

અમેરિકા દેશ આઝાદીની લડત લડી રહ્યો હતો તે વખતની વાત છે. 'સ્ટૅમ્પ ઍક્ટ' નામે કાયદાની વિરુદ્ધ ભારે તોફાનો થયાં હતાં. તેથી એ કાયદો રદ કરવાની વિચારણા માટે ઇંગ્લૅંડની પાર્લમેન્ટની આમની સભાએ એક સમિતિ નીમી હતી. એ સમિતિના સભ્યોએ અમેરિકાના પ્રતિનિધિ બૅન્જામિન ફ્રૅંકલિનને પૂછ્યું: "અમેરિકનો પહેલાં શામાં ગૌરવ માનતા હતા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેન્જામિન ફ્રૅંકલિન બોલ્યા: "ઇંગ્લૅંડથી આવતાં શોખીન કપડાં પહેરવામાં."

સમિતિએ બીજો સવાલ પૂછ્યો: "હવે અમેરિકન દેશવાસીઓ શામાં ગૌરવ માને છે?"

બેન્જામિન ફ્રૅંકલિને ગૌરવપૂર્ણ અવાજે કહ્યું: "અમારા દેશનાં જ કપડાં પહેરવામાં; નવાં ન મળી શકતાં હોય તો એ જૂનાં કપડાં ફરી ફરી સાંધીને પહેરવામાં."

૩૫

અભણની ફિલસૂફી

એક વાર મેં સહજ રીતે એક વૃદ્ધ મૈયાને પૂછ્યું: "માજી, આપ ગીતા, મહાભારત, રામાયણ વગેરે આપણા ધર્મગ્રંથોનું વાચન કરો છો કે?"

માજી મુગ્ધ ભાવે બોલ્યાં: "અમે અભણ માણસો એ બધું ક્યાંથી વાંચી શકીએ? અમે તો એટલું જાણીએ કે, કદી કોઈનું બૂરું મનમાં લાવવું નહીં; શાંતિથી ભગવાનનું નામ લેવું અને જો કોઈને આપણાથી કડવું બોલાઈ જવાય તો તેની માફી માગી લેવી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

મૌનની અસર

યુરોપમાં હેગ નામે એક લશ્કરી અમલદાર થઈ ગયો. તેણે એવો હુકમ કાઢ્યો હતો કે, સૈનિક જ્યારે પહેરા પર હોય ત્યારે તેણે સિગારેટ પીવી નહીં.

એક વાર એક પહેરેગીર સિપાઈને થયું કે, 'અહીં કોઈ હમણાં આવનાર નથી; આવા નિર્જન સ્થળે કોણ તપાસ કરવા આવવાને નવરો બેઠો છે? લાવને, સિગારેટના એકબે દમ ખેંચું.' એમ વિચાર કરી તેણે તો છાનામાના સિગારેટ પીવા માંડી.

એવામાં સેનાનાયક હેગ ત્યાં એકાએક આવી પહોંચ્યો. હેગને જોઈને પેલો સૈનિક ચમક્યો અને સિગારેટને એકદમ ફેંકી દઈ ધ્રૂજતો ઊભો રહ્યો! હેગની લશ્કરી કડકાઈ એ સૈનિક બરોબર જાણતો હતો.

પરંતુ હેગ કંઈ બોલ્યાચાલ્યા વિના ઘોડો ઊભો રાખીને સ્થિરતાથી કડકપણે જમીન પર પડેલી સિગારેટમાંથી નીકળતા ધુમાડાને એકીટશે નિહાળી રહ્યો. જ્યારે તે સિગારેટ આખી બળીને ખાખ થઈ ગઈ, ત્યારે એક શબ્દ પણ બોલ્યા વિના હેગ ત્યાંથી ચાલ્યો ગયો.

આ બનાવની સૌ સૈનિકો ઉપર એટલી ઊંડી અસર પડી કે, ત્યારથી કોઈએ ક્યારેય પહેરા ઉપર સિગારેટ પીધી નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરનું દર્શન!

એક વાર એક સાધુપુરુષ પાસે એક માણસ આવીને કહેવા લાગ્યો: "મહારાજ, આપ મહાત્મા છો. તેથી કૃપા કરી આપ મને ઈશ્વરનું દર્શન કરાવો. ઈશ્વર ક્યાં છે?"

સાધુપુરુષે એક કાગળની ચબરખી પર લખીને પેલા માણસ સામે તે ધરીને પૂછ્યું: "બોલો, આમાં શું લખ્યું છે?"

પેલો માણસ બોલ્યો: "ઈશ્વર."

પછી સાધુપુરુષે કહ્યું: "તમને સૌથી વહાલી ચીજ કઈ છે?"

માણસ બોલ્યો: "મને વહાલામાં વહાલી ચીજ જરજમીન અને બૈરીછોકરાં છે."

સાધુપુરુષ કહે: "ઠીક; તમારી પાસે હાલ કીમતી એવી કઈ ચીજ છે?"

પેલા માણસે ખીસામાં હાથ નાખી સોનાનો કકડો કાઢી બતાવીને કહ્યું: "મહારાજ, હાલ તો મારી પાસે આ કીમતી સોનાનો કકડો છે."

સાધુપુરુષે તે હાથમાં લઈ પેલા કાગળ પર મૂકીને કહ્યું: "બોલો, .હવે તમને અહીં શું દેખાય છે?"

માણસ બોલ્યો: "બીજું શું? સોનું દેખાય છે."

સાધુપુરુષ કહે: "ભાઈ, જેમ આ કાગળ પર પહેલાં કશું ન હતું, ત્યારે ઈશ્વરનું નામ તમે વાંચી શકતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તેના ઉપર આ તમને કીમતી લાગતી ચીજ મૂકી, એટલે ઈશ્વરનું નામ તેની નીચે ઢંકાઈ ગયું! એ જ રીતે જ્યાં સુધી તમારા આત્મા પર આ જગતની ક્ષણજીવી તુચ્છ વસ્તુઓની પ્રીતિનો કાટ ચડી ગયો છે, એનું આવરણ તેના પર આવી ગયું છે, ત્યાં સુધી તમને તમારામાં વસેલા ઈશ્વરનું દર્શન ક્યાંથી થાય? જેમ પિત્તળ જેવી કોઈ ધાતુની વસ્તુ નકામી પડી રહે તો તેના પર કાટ ચડી જવાથી તે મૂળ વસ્તુ દેખાતી નથી, તેમ આપણા હૃદય પર કાટ ચડી જવાથી ઈશ્વરનું દર્શન આપણને થઈ શકતું નથી. ઈશ્વરનું દર્શન કરવા માટે મનને નિર્મળ કરવું જોઈએ, સ્વચ્છ રાખવું જોઈએ."

૩૮

'સા વિદ્યા યા વિમુક્તયે'

આપણા પ્રાચીન ઋષિઓ માનતા કે, એ જ વિદ્યા સાચી જે માણસને મોક્ષ અપાવે. શ્રી સ્વામીનારાયણ પણ એમ જ માનતા હતા. જે વિદ્યા માણસને મોક્ષ મેળવવામાં મદદરૂપ ન થાય એ વિદ્યાનો શો ઉપયોગ? એવી વિદ્યા માટે માણસે મોહ શા માટે રાખવો?

એક વાર શ્રી સ્વામીનારાયણ પાસે સંસ્કૃતના પ્રખર પંડિત શ્રી. દીનાનાથ ભટ્ટ આવ્યા હતા. શ્રી સહજાનંદ સ્વામીએ વાત વાતમાં એમને સહજ રીતે પૂછ્યું : "તમને કેટલા શ્લોક આવડે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. ભટ્ટ પંડિતે જવાબ આપ્યો : "સ્વામીનારાયણ, મને અઢાર હજાર શ્લોક મોઢે છે."

સ્વામીજીએ પૂછ્યું : "એમાંથી તમે તમારા મોક્ષને માટે કેટલા શ્લોક માન્યા છે?"

શ્રી. દીનાનાથ ભટ્ટે કહ્યું : "મહારાજ, મેં એનો કદી હિસાબ નથી કર્યો."

શ્રી સહજાનંદ સ્વામી એ સાંભળી બોલ્યા : "તો પછી તમે આટલા બધા શ્લોકો મોઢે કરીને શો દી ઉજાળ્યો?"

૩૯

વિષયાસક્તિનું ઓસડ

મહાત્મા ટૉલ્સ્ટૉય એમ માનતા હતા કે, જો માણસ ખાવાપીવામાં, આચારવિચારમાં સંયમ ન પાળે, તો તેના હાથે ઘણાં કુકર્મો થવાનો સંભવ રહે છે. તેઓ તો કહેતા : "જીભની લોલુપતા અત્યંત વિષયાસક્તિનું મૂળ છે." તેથી માણસે વાસનાને દૂર રાખવા માટે ખાવાપીવાની બાબતમાં પણ ખૂબ સાવધ રહેવું જોઈએ.

વળી પોતાની ખરાબ વૃત્તિઓને અંકુશમાં લાવવાનો એક બીજો પણ ઇલાજ છે. એ છે શ્રમમય જીવન.

મહાત્મા ટૉલ્સ્ટૉય એક વાર રેલવે ગાડીમાં મુસાફરી કરતા હતા. એક જુવાન સશક્ત ખેડૂત પણ એ જ ડબામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠો હતો. તે અપરિણીત હતો. ખેતરમાં સખત મહેનત કરવાથી એનું શરીર સારું કસાયેલું હતું. ટૉલ્સ્ટૉયે એ જુવાન ખેડૂતને પૂછ્યું: "અલ્યા, તને સ્ત્રીની જરૂર નથી જણાતી કે?"

ખેડૂત કહે: "કાઉન્ટ સાહેબ, આખો દિવસ કામમાં એવો તો પસાર થઈ જાય છે કે, એ વાતનો વિચાર કરવાનો વખત જ મને ક્યાં મળે છે?"

૪૦

સંતની આશિષ

એક ગામમાં એક સાધુ મહારાજ પધાર્યા હતા. એ લોકોમાં એવી માન્યતા ફેલાઈ હતી કે, સાધુ મહારાજનું અંતઃકરણ એટલું નિર્મળ છે કે, એમના આશીર્વાદ કદી વિફળ જતા નથી. તેથી જે ગામમાં એ સાધુની પધરામણી હોય ત્યાં ટોળેટોળાં માણસો તેમના આશીર્વાદ લેવા આવતાં. એ કરુણાળુ સાધુ મહારાજ પણ લોકોનાં દુઃખ જોઈને ગળગળા બની જતા અને તેઓનાં દુઃખ ભગવાન જરૂર દૂર કરશે એવી આશિષ આપતા. અને ઘણી વાર એ સંતની આશિષથી કેટલાય લોકોનાં દુઃખ દૂર પણ થઈ જતાં.

હવે તે ગામમાં એક ચોર રહેતો હતો. તેના કાને આ વાત પડી. એટલે તે વિચાર કરવા લાગ્યો: "આ સંતપુરુષનાં વચન અફળ જતાં નથી. માટે લાવને હું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની પાસે જઈને મારી મનોકામના પૂરી થાય એવા આશીર્વાદ માગું. કોઈ પૈસાદારનું અઢળક ધન હાથ લાગી જાય તો મારો બેડો પાર!"

એમ વિચાર કરી તે સંત પાસે ગયો અને હાથ જોડીને બોલ્યો: "મહારાજ, કૃપા કરી મને મારી મનોકામના પૂરી થાય એવા આશીર્વાદ આપો."

સાધુપુરુષ બોલ્યા: "બેટા, તારી મનની ઇચ્છા પૂરી થજો."

ચોર તો મનમાં રાજી થતો થતો ઘેર ગયો અને ક્યારે રાત પડે તેની રાહ જોવા લાગ્યો. રાત પડી અને તે ચોરી કરવા ઊપડ્યો. પરંતુ બન્યું એવું કે, તે જ્યાં જ્યાં ચોરી કરવા જાય, ત્યાં ત્યાં ઘરનાં માણસો જરા ખખડાટ થતાં જાગી જતાં અને તેને ત્યાંથી ભાગવું પડતું!

ચોર તો છેવટે ત્રાસી ગયો. તે ગુસ્સે થઈને બબડતો બબડતો કહેવા લાગ્યો: "પેલો સાધુડો સાવ જૂઠાબોલો છે! એના આશીર્વાદ લઈને નીકળ્યો, ત્યારે તો આજે ખાલી હાથે જ ઘેર જવાનું થયું! કાલે એની વાત છે."

બીજે દિવસે વહેલી સવારે તે પેલા સાધુપુરુષ પાસે ગયો અને ચિડાઈને બોલ્યો: "તમે તો ભારે ધૂર્ત માણસ છો! તમારા આશીર્વાદ તો કંઈ ફળ્યા નહીં. ઊલટું મારે નિષ્ફળ થઈને જ ઘેર આવવું પડ્યું."

સાધુ મહારાજે પૂછ્યું: "પણ ભાઈ, શું થયું એ તો મને કહે?"

ચોરે રાતે જે બન્યું હતું તે બધું કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને સાધુ કહે: "અરે ભલા માણસ, આમ જ થયું હોય, તો તો તને મારા આશીર્વાદ ફળ્યા કહેવાય."

ચોર બોલ્યો: "વાહ, તમે પણ ખરા છો! એવું તે કંઈ બને?"

સાધુ મહારાજ—"ભાઈ, તું જ કહે, ચોરી કરવી એ સારું કહેવાય?"

ચોર—"એ સારું કામ તો નથી જ! પણ ચોરી ન કરું તો મારે ભૂખે જ મરવું પડે."

સાધુ મહારાજ—"હવે ખરાબ કામ આપણે કરવા જઈએ અને એમાં નિષ્ફળતા મળે, તો એ સારું થયેલું કહેવાય કે નહીં? અમે તો રહ્યા સાધુપુરુષ. તારું ભલું થાય એવા જ આશીર્વાદ અમે આપીએ ને? ભાઈ, તેથી મારા આશીર્વાદે તારું ભલું જ થયું છે. ચોરી ન કરીને પણ માણસ પેટ ભરી શકે છે. ભગવાને તને આવું મજબૂત શરીર આપ્યું છે. હાથપગ પણ સાબૂત છે. મહેનતમજૂરી કરીને પેટ ભરવામાં જ માણસની માણસાઈ રહેલી છે. માટે હવે આજથી ચોરી કરવાનો ધંધો છોડી દેજે અને સારા માર્ગે ચાલજે."

ચોરને પોતાની ભૂલ સમજાઈ. તે સંતને પગે પડી બોલ્યો: "બાપજી, આપ મને આશીર્વાદ આપો. આજથી ચોરીનો ધંધો નહીં કરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

સ્વધર્મ

એક વાર મુસ્લિમ મહાત્મા હુસેન બસરાઈએ પોતાના શિષ્યોને કહ્યું કે, "મને મારા સ્વધર્મનું ભાન કરાવનારી ત્રણ વ્યક્તિઓ આગળ હું શરમનો માર્યો નમી પડ્યો હતો :—

"(૧) એક દારૂડિયા પાસે, (૨) એક બાળક પાસે અને (૩) એક ઓરત પાસે.

"એક વાર એક દારૂડિયો દારૂ પીને લથડિયાં ખાતો કાદવમાંથી જઈ રહ્યો હતો. મેં તેને કહ્યું : 'ભાઈ, તારા પગ સ્થિર રાખ, નહીં તો કાદવમાં લપસીને પડી જશે.' પેલા દારૂડિયાએ મારા તરફ જોઈને કહ્યું : 'અરે ફકીર બાબા, તું તારા જ પગ સ્થિર રાખ. હું તો એક દારૂડિયો છું. પડું તોયે શું અને ન પડું તોયે શું. પણ તું જો પડ્યો તો તને બેઠો થતાં અને સાફ થતાં બહુ મુશ્કેલ થઈ પડશે !'

"એક વાર રાતે હું રસ્તે થઈને જતો હતો. એવામાં એક નાનો છોકરો દીવો લઈને પસાર થતો હતો. મેં તેને પૂછ્યું : 'બચ્ચા, તું આ દીવો ક્યાંથી લાવ્યો ?' એવામાં પવનનો સપાટો આવતાં તેનો દીવો બુઝાઈ ગયો ! એ જોઈને પેલા ચાલાક છોકરાએ કહ્યું : 'બાબા, પહેલાં તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કહો કે દીવો ક્યાં ગયો? પછી હું તમને કહીશ કે હું દીવો ક્યાંથી લઈ આવ્યો.'

"વળી એક વાર હું ખુદાની બંદગીમાં તલ્લીન બની બેઠો હતો; એવામાં એક બાઈ મારી પાસે આવી. તેણે પોતાના પતિની સાથે ઝઘડો કર્યો હતો, એટલે તેનો પતિ ક્યાંક બહાર ચાલ્યો ગયો હતો. તેથી પેલી બાઈ ગભરાઈ જઈને તેને શોધવા બહાર આવી હતી. તે બાઈએ મને પૂછ્યું: 'બાબા, આપે મારા પતિને અહીંથી જતાં જોયો છે?' તે બાઈએ માથે ઓઢેલું ન હતું અને તેનાં કપડાં અસ્તવ્યસ્ત હતાં. એટલે હું શરમાઈને નીચું જોઈને બોલ્યો: 'અરે બાઈ, પહેલાં તારાં કપડાં ઠીક કરી લે અને તારું શરીર બરોબર ઢાંક! પછી તારે જે કહેવું હોય તે મને કહે.' આ સાંભળીને પેલી બાઈ જરા ભાનમાં આવીને બોલી: 'અરે ફકીર બાબા, હું મારા પતિને શોધવામાં એટલી તો તલ્લીન થઈ ગઈ હતી કે મને મારા શરીરનું પણ ભાન રહ્યું નહીં; જ્યારે તમે અહીં ખુદામાં તલ્લીન થઈને બેઠેલા જણાઓ છો, છતાં તમને મેં બરાબર કપડાં પહેર્યાં છે કે નહીં એનું ભાન ક્યાંથી રહ્યું? આ જાણીને મને ખૂબ નવાઈ લાગે છે!' આ બાઈની વાત સાંભળીને હું ખરેખર શરમાઈ ગયો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨

સ્વાશ્રયનો પદાર્થપાઠ

સ્વામી વિવેકાનંદ અમેરિકા દેશમાં પ્રવાસે ગયા હતા ત્યારની આ વાત છે. સ્વામીજી એક શહેરના રસ્તા પરથી જઈ રહ્યા હતા. તેવામાં તેમની પાસે એક છોકરો આવીને કહેવા લાગ્યો : "સાહેબ, આપ છાપું ખરીદશો ?"

સ્વામી વિવેકાનંદે એ છોકરા તરફ નિહાળ્યું. છોકરો દેખાવે સુંદર હતો. તેની આંખમાં ચમક હતી. સ્વામીજી કંઈ બોલે એ પહેલાં પેલા છોકરાએ કહ્યું : "સાહેબ, છાપાની કિંમત માત્ર એક પૈસો જ છે."

સ્વામીજી મૃદુ અવાજે બોલ્યા : "મારે છાપાની કશી જરૂર નથી."

પણ છોકરો તો મક્કમ રીતે આગ્રહ કરતાં બોલ્યો : "પણ સાહેબ, આ છાપાની કંઈ વધારે કિંમત નથી. આપ ખરીદી શકો એમ છો."

સ્વામીજી કહે : "પણ મેં તમને કહ્યું ને એની મારે શી જરૂર ?"

છોકરો બોલ્યો : "પણ એક પૈસો આપને ભારે પડે એમ નથી."

સ્વામીજી આ ચબરાક છોકરાની મક્કમતા જોઈને જરા હસતા હસતા બોલ્યા : "અરે છોકરા, માઠું લગાડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા, હાં કે? તારા જેવા કુમળી વયના છોકરાને આમ છાપું વેચતો જોઈને મને ખેદ થાય છે. તારો આ બાલ્યકાળ તો રમતગમતમાં અને ભણવામાં પસાર થવો જોઈએ. એને બદલે શું તારા દેશમાં પણ તારા જેવાં બાળકો છે ખરાં જેઓને આમ છાપાં વેચવાની ફેરી કરીને ગુજરાન કરવું પડે છે? તારું કોઈ વાલી નથી? અથવા શું તું ગરીબ મા-બાપનો છોકરો છે?"

પેલો છોકરો વિનયપૂર્વક બોલ્યો: "સાહેબ, આપની ભૂલ થાય છે. હું કંઈ ગરીબ નથી. મારાં માબાપ ગરીબ નથી. અમારી પાસે ૫૦ ડૉલર જેટલી રકમ જમા છે. હું નિશાળે ભણવા પણ જાઉં છું. પણ અમારા લોકો માને છે કે અમે નાનપણથી જાતમહેનત કરી સ્વાશ્રયી બનીએ. છાપાં વેચવામાં અમે નાનમ સમજતા નથી. એવાં નાનાં નાનાં કામ કરીને અમે અમારા જેટલું કમાઈ લઈએ છીએ. મારા શરીર પર આપ જે કપડાં જુઓ છો તે મારી કમાઈમાંથી ખરીદેલાં છે. મારું ઘણુંખરું ખર્ચ હું જાતમહેનત કરી મેળવી લઉં છું. હવે આપ જ કહો એમાં ગરીબાઈનો સવાલ ક્યાં રહ્યો? આપને દિલગીર થવું પડે એવું કશું નથી!"

સ્વામી વિવેકાનંદ તો આ સ્વાશ્રયી છોકરાની વાતો સાંભળીને ખુશ થઈ ગયા. તેમણે તરત જ એ છોકરા પાસેથી છાપું ખરીદ્યું; પછી તેઓ વિચાર કરતા કરતા આગળ ચાલ્યા. સ્વામીજીને થયું: "અરે, મારા દુર્ભાગી દેશ! આ બાળક ભણી જો. કેવો સ્વાશ્રયી છોકરો! ક્યાં આવી ઉચ્ચ ભાવના સેવતો આ બાળક અને ક્યાં સવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને મોં ધોવાનું પણ જેઓને ભાન નથી એવાં આપણાં બાળકો ! અરે, આપણાં બાળકોની વાત જવા દોને ! મોટી ઉંમર હોવા છતાં, જાતમહેનત કરી ગુજરાન ચલાવી શકે એવા હોવા છતાં, બાપને પૈસે મોજ કરનારા અને પાંગળા જેવા બની ગયેલા માણસો આપણે ત્યાં ક્યાં ઓછા છે? હે પ્રભુ! મારા ભારતદેશનાં બાળકોને પણ આવાં સ્વાશ્રયી બનાવ; એ જ મારી એક પ્રાર્થના છે.”

૪૩

આગેવાનનો ધર્મ

હજરત અલી સાહેબ જ્યારે મુસલમાનોના ખલીફા હતા, ત્યારે એક દિવસે નિયમ મુજબ નમાજ પઢી રહ્યા પછી સૌ ભક્તજનોને ધર્મનો ઉપદેશ આપતા હતા. એવામાં એક આરબ ઉશ્કેરાટમાં ઊભો થઈ જઈ જોરશોરથી અલી સાહેબને મન ફાવે તેમ ગાળો દેવા લાગ્યો. તે વારે વારે કહેતો હતો: “તું શાનો ખલીફા થઈને બેઠો છે? ખલીફનું પદ છોડીને તું અહીંથી ચાલ્યો જા!”

આ આરબના આવા આકરા શબ્દો સાંભળીને બધા ભક્તોને બહુ માઠું લાગ્યું. વળી હજરત અલી સાહેબ તો હજરત મહંમદ પેગમ્બર સાહેબના જમાઈ પણ થતા હતા. એટલે એમનું આ રીતે કોઈ અપમાન કરે એ શી રીતે સહન થાય? બધાને થયું અલી સાહેબ પોતાનું કહેવું પૂરું કરે પછી તેને સીધોદોર કરી નાખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર પછી ઉપદેશ પૂરો થતાં હજરત અલી સાહેબ શાંત અવાજે બોલ્યા: "ભાઈઓ, પેલા ભાઈને જરા શાંતિથી પૂછી જુઓ કે, એને એના કોઈ પ્યારા સંબંધીનો વિયોગ તો નથી થયો ને? અથવા એને માથે મોટું કરજ તો નથી ચડી ગયું ને? યા તો એને પેટ ભરીને ખાવાનું મળ્યું નથી કે શું? ભાઈઓ, જરાયે ઉશ્કેરાયા વિના પ્રેમથી એને પૂછી આવો."

એટલે માણસો એને પૂછી આવ્યા અને બોલ્યા: "હજરત સાહેબ, એ બાપડા પર ભારે દેવું ચડી ગયું છે. અને એ કરજ ચૂકવી શકાય એવી સ્થિતિ એની ન હોવાથી શાહુકારે એને પોતાનો ગુલામ બનાવ્યો છે!"

એ સાંભળીને હજરત અલી સાહેબે પોતાને ઘેરથી રૂપિયા મંગાવ્યા અને પેલા આરબનું ઋણ ચૂકવી દઈ તેને બંધનમુક્ત કર્યો. પછી હજરત અલી સાહેબ સૌ ભક્તજનોને કહેવા લાગ્યા: "ભાઈઓ, જ્યારે કોઈ પણ સાધારણ માણસ કોઈ મોટા માણસનું અથવા તો તેના ઊંચા દરજ્જાનું અપમાન કરે કે એની સામે મન ફાવે તેમ બોલવા લાગે, ત્યારે આપણે સમજવું જોઈએ કે એના દિલમાં ક્યાંક વેદના ભરી હશે યા તો એનું દિલ દુભાયું હશે. તેથી એની સાચી સ્થિતિ જાણી લઈને એની મૂંઝવણ કે વેદના નિવારવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જો આપણે આપણું અપમાન થતું જોઈને તેના ઉપર ગુસ્સે થઈએ અને તેનો સામેથી તિરસ્કાર કરીએ, તો આપણે આગેવાન તરીકેના આપણા ધર્મનું પાલન કરેલું ન ગણાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

યોગ્ય માગણી

પાંડવો વનમાં હતા, ત્યારે એક દિવસ ભૂખ અને તરસથી ખૂબ હેરાન થઈ ગયા. ઉનાળાના દિવસો હતા. આસપાસ ગાઢ વન હતું. બપોરની વેળા હતી. છેવટે તેઓ થાકીને એક વડલાની શીળી છાયા નીચે જઈને બેઠા. બધા જ ભાઈઓ તરસ લાગવાથી અકળાઈ ગયા હતા. એટલે સૌથી મોટા ભાઈ ધર્મરાજ યુધિષ્ઠિરે નકુલને કહ્યું: "હે નકુલ! આ ઝાડ પર ચડીને બધી દિશામાં નજર કર. ક્યાંય જળાશય જેવું દેખાય છે ખરું?"

નકુલ તરત જ ઝાડ પર ચડ્યો અને આસપાસ બધે જોઈને બોલ્યો: "મોટાભાઈ, દૂર દૂર એક જળાશય જેવું દેખાય છે ખરું. ત્યાં લીલોતરી ઊગેલી હોય અને પંખીઓ પણ કલરવ કરતાં હોય એમ લાગે છે. એ તરફ આપ આજ્ઞા આપો તો તપાસ કરી આવું."

એટલે ધર્મરાજે નકુલને બાણના ભાથામાં પાણી લઈ આવવા કહ્યું.

નકુલ તપાસ કરતો કરતો પેલા જળાશય પાસે આવી પહોંચ્યો. ત્યાં સ્વચ્છ શીતળ જળ જોઈને તે પીવા વાંકો વળ્યો. ત્યાં તો તેણે અવાજ સાંભળ્યો: "હે ભાઈ, સાહસ કરીશ મા. મારો એવો નિયમ છે કે, જે મારા સવાલોના જવાબ આપે તે જ અહીંનું પાણી પી શકે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ નકુલને એવી તો તરસ લાગી હતી કે, એ અવાજને ગણકાર્યાં વિના તે પાણી પીવા તૈયાર થયો. તેણે જેવું પાણી પીધું કે તરત જ તે જમીન પર ઢળી પડ્યો!

આ બાજુ નકુલને આવતાં મોડું થયું, એટલે ધર્મ-રાજે સહદેવને મોકલ્યો. પણ તેની પણ નકુલ જેવી દશા થઈ. ત્યાર બાદ અર્જુન ગયો; પછી ભીમ ગયો; એ બંનેની પણ એ જ વલે થઈ!

ચારે ભાઈઓ આવ્યા નહીં, એટલે છેવટે યુધિષ્ઠિર પોતે ત્યાં ગયા. જઈને ત્યાં જુએ છે તો ચારે ભાઈઓ જમીન પર બેભાન પડ્યા છે! આ જોઈને યુધિષ્ઠિરને ખૂબ દુઃખ થયું. એમને શંકા ગઈ કે, જરૂર આ જળાશયનું પાણી ઝેરી હોવું જોઈએ. અથવા તો કોઈ અદ્ભુત શક્તિએ મારા આવા બળવાન ભાઈઓને પણ માત કર્યાં છે!

તેથી તેમણે વિચાર્યું: 'લાવને જરા પાણી પી તો જોઉં! આ શી વસ્તુ છે એ તરત જણાઈ જશે.' એમવિચારીને ધર્મરાજ પાણી પીવા લાગ્યા, ત્યાં તો તેમણે અવાજ સાંભળ્યો: "હે ભાઈ, મેં જ તારા આ ભાઈઓની આવી દશા કરી છે. મારો અહીંનો નિયમ છે કે, જે મારા સવાલોનો બરોબર જવાબ આપે તે જ પાણી પી શકે. તારા ભાઈઓએ મારું માન્યું નહીં, એટલે તેઓની આવી દશા થઈ છે. તું પણ મને મારા સવાલોના જવાબ આપ. પછી સુખેથી પાણી પીજે."

જળાશયમાં ઊભેલા બગલાને આ રીતે બોલતો જોઈને યુધિષ્ઠિર નવાઈ પામ્યા. તે બોલ્યા: "બગલો આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસની વાણીમાં બોલી ન શકે. જરૂર તમે કોઈ દેવતા હશો. માટે પહેલાં તમે કોણ છો એ મને કહો. પછી હું તમારા સવાલોના જવાબ આપીશ."

એટલે બગલાએ કહ્યું: "હું યક્ષ છું." એમ કહીને તેણે પોતાનું અસલ રૂપ પ્રગટ કર્યું.

ધર્મરાજ યુધિષ્ઠિર બોલ્યા: "હે યક્ષરાજ, હવે આપ ખુશીથી સવાલ પૂછો. હું મારી શક્તિ મુજબ જવાબ આપીશ."

યક્ષ — "સ્વર્ગમાં જવાનો ઉત્તમ માર્ગ કયો?"

ધર્મરાજ — "સદ્‌ગુણ."

યક્ષ — "સૌથી મોટો સદ્‌ગુણ કયો?"

ધર્મરાજ — "કોઈની અદેખાઈ ન કરવી અને કોઈની નિંદા ન કરવી તે."

યક્ષ — "માણસોનો મોટામાં મોટો શત્રુ કોણ?"

યુધિષ્ઠિર — "કામ અને ક્રોધ."

યક્ષ — "કયો માણસ એકી વખતે ધનવાન તથા ગરીબ કહેવાય?"

યુધિષ્ઠિર — "જેની પાસે વધારે હોય, પણ બીજાને એની જરૂર હોય, તેવાને દાનમાં કશું ન આપે તે."

યક્ષ — "ગરીબ માણસ શી રીતે શ્રીમંત બની શકે?"

યુધિષ્ઠિર — "પોતાની પાસે જે કંઈ થોડુંઘણું હોય તેનાથી સંતોષ માનીને."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યક્ષ — "દુનિયા કરતાં શું ભારે છે અને વાદળાં કરતાં શું ઊંચું છે?"

યુધિષ્ઠિર — "માતાપિતાનો પ્રેમ."

યક્ષ — "સુખી થવાનો માર્ગ કયો?"

યુધિષ્ઠિર — "સત્ય બોલવું અને દયા કરવી."

યક્ષ — "સૌથી મોટો માણસ કોણ?"

યુધિષ્ઠિર — "સુખ કે દુ:ખમાં સમતા જાળવે તે."

પછી યક્ષ બોલ્યો: "હે ધર્મરાજ, તમારા બધા જવાબો સાંભળીને મને ઘણો સંતોષ થયો છે. હવે તમે નિરાંતે પાણી પીઓ. વળી તમારે કશું માગવું હોય તો ખુશીથી માગો. આ તમારા ભાઈઓમાંથી કોઈ પણ એકને જીવતો કરવાનું તમે માગી શકો."

એ સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા: "હે યક્ષરાજ, તમે જો ખરેખર પ્રસન્ન થયા હો, તો નકુલને સજીવન કરો."

યક્ષને આથી નવાઈ લાગી. તે હસતા હસતા બોલ્યા: "અરે ધર્મરાજ, તમે પણ ખરા છો! આ નકુલ તો માદ્રીનો પુત્ર છે. એટલે એ તો તમારો સાવકો ભાઈ થાય. તમારા સગા ભાઈ અર્જુન કે ભીમને સજીવન કરવાનું માગો ને! શું તમે તમારા એ સગા ભાઈઓને ચાહતા નથી?"

યુધિષ્ઠિર બોલ્યા: "હું તો મારા બધા જ ભાઈઓને સરખા ચાહું છું. મારે મન કોઈ સાવકો નથી. માદ્રીમાતા પણ મારાં જ માતા છે. હે યક્ષરાજ! હું તો નકુલને જ સજીવન કરવા વિનંતી કરું છું. મારા ઉપર આટલી કૃપા કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યક્ષે નવાઈ પામી પૂછ્યું: "શા માટે તમે નકુલને જ સજીવન કરવાનું માગો છો?"

યુધિષ્ઠિર બોલ્યા: "હે યક્ષરાજ, સાંભળો. હું કુંતી-માતાનો પુત્ર છું અને નકુલ માદ્રીમાતાનો પુત્ર છે. માદ્રીમાતા અમારા પિતા પાંડુરાજા સાથે જ સતી થયાં. તે વખતે તેમણે તેમના બે પુત્રો સહદેવ અને નકુલને કુંતીમાતાને સોંપ્યા હતા. કુંતીમાતા એમના ઉપર પણ અમારા જેટલો જ પ્રેમ રાખે છે. હવે વનવાસ પછી અમે પાછા ઘેર જઈશું, ત્યારે અમે પાંચ ભાઈઓમાંથી માત્ર એને જ જીવતા આવેલા જોઈને તે ખૂબ દુઃખ તો પામશે જ. પરંતુ એમાંયે પોતાના બે સગા પુત્રોને જ જીવતા જોઈને તે એથીયે વધારે દુઃખી થશે. કારણ કે કુંતીમાતા એમ માનશે કે, અમે ભાઈઓએ નકુલ તથા સહદેવની બરોબર સંભાળ લીધી નહીં હોય. પણ જો કુંતીમાતા જોશે કે, માદ્રીમાતાનો સૌથી નાનો પુત્ર નકુલ મારી સાથે છે, તો એમને એટલું દુઃખ નહીં થાય. માટે હે યક્ષરાજ, હું તો એ જ માગું છું કે, તમે મારા સૌથી નાના ભાઈ નકુલને સજીવન કરો."

ધર્મરાજ યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને યક્ષ ઘણો પ્રસન્ન થઈને બોલ્યો: "હે ધર્મરાજ! તમે ખરેખર મહાન છો. તમે યોગ્ય માગણી જ કરી છે. હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન થયો છું. તમારા બધા જ ભાઈઓ સજીવન થાઓ."

પછી યક્ષના વચનથી ચારે ભાઈઓ સજીવન થયા. આ જોઈને યુધિષ્ઠિરની આંખમાં આનંદનાં આંસુ ભરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યાં. ત્યાર બાદ તેઓએ એ જળાશયનું ઠંડું પાણી પીને પોતાની તરસ છિપાવી.

૪૫
સંતની સોબત

એક ગામમાં એક સંતપુરુષ રહેતા હતા. તે રોજ રાતે ગામને ચોતરે ભજન-કીર્તન કરે. ગામના બધા જ લોકો એમાં ભાગ લે અને આનંદ પામે.

પણ એ ગામમાં એક ચોર રહેતો હતો. તે કોઈ દિવસ ભજન-કીર્તન સાંભળવા ન જાય. એને ભય લાગતો હતો કે, 'જો હું એ સાધુ માણસની વાત સાંભળવા બેસું, તો પછી મારે ચોરીનો ધંધો છોડવો પડે અને સારે રસ્તે ચાલવું પડે! એવું કરવા જાઉં તો હું ભૂખે જ મરું ને?'

હવે એક દિવસ એવું બન્યું કે, એ સાધુ પુરુષ કૂવેથી પાણી ભરીને આવતા હતા, એવામાં સામેથી એમને પેલો ચોર મળ્યો. ચોર તો એ સંતને જોઈને જરા ખમચાયો. પણ 'રામ રામ' કર્યા વગર કંઈ ચાલે? તેણે સંતને નમસ્કાર કર્યા.

એટલે સંતે પણ સામેથી 'રામ રામ' કરી કહ્યું: "ભાઈ, તમે તો રાતે કંઈ દેખાતા જ નથી. તમે ચોતરે કાં નથી આવતા? તબિયત તો સારી રહે છે ને?"

પેલો ચોર મનમાં મૂંઝવણ અનુભવવા લાગ્યો. આવા સારા સાધુ પુરુષની પાસે ખોટું પણ શી રીતે બોલાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ડરતો ડરતો બોલ્યો: "બાપજી, હું તો પાપી માણસ છું! મારો ધંધો રહ્યો ચોરીનો. આપની પાસે આવીને બેસું અને ભગવાનની વાતો સાંભળું, એટલે પછી મારે ચોરીનો ધંધો છોડવો જ પડે ને? બાપજી, મારી એટલી તૈયારી નથી!"

સંત કહે: "ભાઈ, તમે આટલા ખુલ્લા દિલે વાત કરી શકો છો એ કંઈ નાનોસૂનો ગુણ નથી. તમે ભલે તમારો ધંધો ચાલુ રાખજો. પણ ભજન-કીર્તનમાં આવતા રહો તો સારું."

પેલો ચોર હરખાતો બોલ્યો: "બાપજી, જો મારા ધંધાનો આપને કશો વાંધો ન હોય, તો ખુશીથી આવીશ."

સંત એને વાંસે હાથ ફેરવતા બોલ્યા: "ભાઈ, તમે ખુશીથી આવજો. તમે આવશો તો મને ગમશે."

ચોર તો બીજા દિવસથી ભજન-કીર્તન સાંભળવા જવા લાગ્યો. જેમ જેમ તે પેલા સંતની વાણી સાંભળતો ગયો, તેમ તેમ તે એમની ભણી આકર્ષાવા લાગ્યો.

આમ કરતાં કરતાં એક મહિનો વીતી ગયો.

એક દિવસે પેલા સંતને પગે લાગીને તે બોલ્યો: "બાપજી, આપની પાસે આવીને બેસવાથી મારો જન્મારો સુધરી ગયો. બાપજી, મને આશીર્વાદ આપો."

સંત કહે: "ભાઈ, પણ આશીર્વાદ આમ ન મળે. ગુરુને કંઈ દક્ષિણા તરીકે આપવું જોઈએ ને? એકાદ વ્રત પાળવું પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોર કહે: “બાપજી, બોલો આપને હું શું આપુ? આપ જે કહેશો તે વ્રત લઈશ. માત્ર ચોરીનો ધંધો છોડવાની વાત ન કરશો.”

સંત બોલ્યા: “એ માટે તો આપણી વચ્ચે પહેલાંથી સમજૂતી થઈ જ છે. હું તને ચોરીનું કામ છોડવાનું ક્યાં કહું છું? પણ વ્રત લે કે, ‘આજથી કદી જૂઠું નહીં બોલું.’ કેમ, તને કબૂલ છે ને?”

ચોર કહે: “ભલે.”

હવે એક દિવસ એ ચોર બાજુના નગરમાં ચોરી કરવા ગયો. રાતનો વખત હતો. એવામાં સામેથી એક માણસ તેને મળ્યો.

તેણે પૂછ્યું: “ભાઈ, તમે કોણ છો?”

ચોર કહે: “ચોર છું!”

પેલો માણસ ચમક્યો! એ માણસ બીજું કોઈ નહીં, પણ તે નગરનો રાજા જ હતો. તે વેશપલટો કરીને નગર-ચર્યા જોવા નીકળ્યો હતો. ચોરને આમ સાચેસાચું બોલતો જોઈને રાજા નવાઈ પામ્યો. રાજાને થયું, ‘આ કોઈ પાગલ માણસ તો નથી ને? પોતે ચોર છે એમ કોઈ કદી કહે ખરું?’ રાજાએ કુતૂહલથી પૂછ્યું: “ક્યાં જાય છે?”

ચોર — “ચોરી કરવા.”

રાજા — “ક્યાં?”

ચોર — “રાજાના મહેલમાં.”

એ સાંભળીને રાજાએ કહ્યું: “તો મને પણ તારો ભાગીદાર બનાવ. આપણને જે મળે તે વહેંચી લઈશું.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરે તે કબૂલ કર્યું. અને એ બંને જણ મહેલના પાછળના ભાગમાં ગયા. ચોર રાજાને બહાર ઊભો રાખી મહેલમાં દાખલ થયો. તેણે ખજાનામાંથી કીમતીમાં કીમતી ચીજ લેવાનું વિચાર્યું હતું. છેવટે તેના હાથમાં એક નાની ડબી આવી. તેણે ડબી ઉઘાડીને જોયું તો એમાં ત્રણ કીમતી રત્નો હતાં. તેણે વિચાર્યું, 'અમને બે વચ્ચે બે રત્ન બસ છે. ત્રણ રત્ન વહેંચી પણ શી રીતે શકાય?' એમ વિચારીને તેણે એક રત્ન દાબડીમાં જ રાખી બે રત્ન લીધાં. બહાર આવીને એક રત્ન તેણે પેલા રાજાને આપ્યું. રાજાએ પછી વાત વાતમાં તેનું સરનામું પૂછી લીધું અને તેનાથી છૂટા પડી પોતાને માર્ગે ચાલવા માંડ્યું.

સવારે ખજાનચી ખજાનાનો ઓરડો ઉઘાડીને જુએ છે તો બધું વેરણછેરણ પડ્યું હતું! તે તો ગભરાઈ ગયો અને પ્રધાનને ખબર આપવા દોડ્યો.

પ્રધાન આવીને બધું તપાસવા લાગ્યો. તેણે જોયું કે બધું બરોબર હતું. એવામાં તેની નજર નીચે પડેલી પેલી દાબડી ઉપર પડી. દાબડી ઉઘાડીને જોયું તો એમાં એક જ રત્ન હતું. બાકીનાં બે રત્નો ગુમ થયેલાં હતાં. પ્રધાનને થયું, 'ચોર બહુ કાચો લાગે છે! નહીં તો તે આમ એક રત્ન રહેવા દે ખરો? લાવને, હું જ એ રત્ન ખીસામાં મૂકી દઉં!' એમ વિચારીને તેણે એ રત્ન ગજવામાં મૂકી દીધું. પછી રાજા પાસે જઈને તે બોલ્યો: "રાજાજી, ખજાનામાં ચોરી થઈ છે. ચોરે આપનાં ત્રણ મહામૂલાં રત્નો ચોર્યાં છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહે: "શું ચોર મારાં બધાં જ રત્નો ચોરી ગયો?"

પ્રધાન બોલ્યો: "હા જી. દાબડી ખાલી પડી છે."

પછી રાજાએ બધે તપાસ કરાવી. પણ કોઈને ચોરનો પત્તો લાગ્યો નહીં. રાજાએ એ જ સાંજે દરબાર ભર્યો. પછી એક સિપાઈને મોકલીને પેલા ચોરને દરબારમાં તેડાવ્યો. ચોર આવીને દરબારમાં ખડો થયો. રાજાએ પૂછ્યું: "તેં ગઈ કાલે રાતે ક્યાં ચોરી કરી હતી?"

ચોર — "આપને ત્યાં, નામવર."

રાજા — "તેં શાની ચોરી કરી હતી?"

ચોર — "રત્નોની."

રાજા — કેટલાં રત્નો ચોર્યાં હતાં?"

ચોર — "બે."

રાજા — "દાબડીમાં રત્નો તો ત્રણ હતાં. તો પછી તેં કેમ બે જ લીધાં હતાં?"

ચોર — "મારી સાથે એક મારો ભાગીદાર હતો, એટલે મેં રત્નની દાબડીમાંથી ફક્ત બે રત્નો લઈને એક તેમાં જ રહેવા દીધું હતું. ત્રણ રત્નોને બે વચ્ચે શી રીતે વહેંચી શકાય?"

એ સાંભળીને રાજાજીએ પોતાના ગજવામાંથી એક રત્ન કાઢીને પેલા ચોરને બતાવતાં કહ્યું: "આ જ રત્ન હતું કે?"

ચોર તો વિચારમાં પડી ગયો. તેણે ગભરાતાં પૂછ્યું: "તો શું રાતે આપ જ હતા કે શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહે : "હા, પણ ખજાનામાં તો બાકીનું રત્ન નથી! પ્રધાનજી, તમે જરા તમારાં ગજવાં તપાસી જુઓ ને! એમાં તો એ નથી ને?"

પ્રધાનજી તો એ સાંભળીને ધ્રૂજવા લાગ્યા. તેણે રાજાને પગે પડીને પોતાનો દોષ કબૂલ કર્યો.

એટલે રાજાએ કહ્યું : "પ્રધાનજી, તમે તો રાજ્યની જવાબદાર વ્યક્તિ છો. તમારાથી આવું બૂરું કામ શી રીતે થાય? આ ચોર તમારા કરતાં સારો કે તે સાચેસાચું કહી દે છે. માટે આજથી તમે આ ચોરની જગ્યાએ બેસી જાઓ અને આ ચોર આજથી તમારી જગ્યા સંભાળશે."

ચોર આ સાંભળીને કહે : "રાજાજી, મારે આવી કશી ખટપટમાં પડવું નથી. હું તો મારા ગુરુજીનાં ચરણ પાસે બેસી બાકીનું જીવન પૂરું કરીશ. મારા ગુરુજીએ જ મને સાચે માર્ગે દોર્યો છે. તેમની માત્ર એક જ સલાહનું પાલન કરતાં હું પ્રધાનપદ પામી શકું છું, તો પછી જો હું મારું જીવન એમને સમર્પણ કરી દઉં તો મારો આખો જન્મારો જ સુધરી જાય."

એમ કહીને એ ચોર પેલા સંત પુરુષ પાસે ગયો અને તેણે એમને પગે પડીને બધી વાત કહી સંભળાવી.

એટલે સંત પુરુષ બોલ્યા : "ભાઈ, તને રાજાજી જે પદ આપે છે, તેનો સ્વીકાર કરી લે. સાચું વર્તન રાખીને શી રીતે રાજકારભાર ચલાવી શકાય છે તેનો દાખલો તું પૂરો પાડ. સાચી રીતે જીવન જીવતાં જીવતાં જ તું તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો વિકાસ કરી શકશે. માટે રાજાજી પાસે જા અને તેઓ કહે છે એ પ્રમાણે કર."

સંતપુરુષનાં વચન સાંભળીને તેમના હુકમ મુજબ પેલો ચોર રાજા પાસે ગયો અને તેમની ઇચ્છા પ્રમાણે પ્રધાન બનવા તૈયાર થયો. રાજાએ તેને ખુશીથી પોતાનો પ્રધાન બનાવ્યો. અને પેલા જૂના પ્રધાનજી તો જેલની હવા ખાતા બેઠા!

૪૬
શબ્દની શક્તિ

એક વાર એક નગરમાં એક ગાનારો પોતાની પત્ની સાથે આવી ચડ્યો. ગવૈયાને થયું કે, 'રાજદરબારમાં નાચગાનનો જલસો ગોઠવવામાં આવે તો મને ઠીક ઠીક કમાણી થશે. વળી આસપાસના રસિયા લોકો પણ એ જલસો જોઈને મને તેઓને ત્યાં નાચગાનના જલસા માટે બોલાવશે.' આમ વિચાર કરીને તે પ્રધાનજી પાસે ગયો. નમન કરીને તેણે બધી વાત પ્રધાનજીને કહી.

પ્રધાન હસતાં હસતાં કહે: "અરે ભલા માણસ, અમારા રાજાજી તો ખૂબ જ કંજૂસ છે. આવી રીતે તે એક પાઈ સુદ્ધાં આપે એમ નથી. માટે તમે બીજે ક્યાંક જાઓ."

ગાનારો અને તેની પત્ની આ સાંભળીને નિરાશ થઈ ગયાં. પરંતુ આમ હિંમત હારી જાય એવો એ માણસ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. તે બોલ્યો: "પ્રધાનજી, ભલે અમને કશું ન મળે. આપ જલસો ગોઠવી આપો તો આપનો ઉપકાર. અમારું નસીબ જોર કરશે, તો જોનારા લોકોમાંથી અમને થોડુંઘણું જરૂર મળી રહેશે."

પ્રધાન કહે: "ભલે, એમ કરો."

રાત પડી. ગામના ઘણા લોકો જલસો જોવા ભેગા થયા. કંજૂસ રાજાએ આટલો જલસો ગોઠવ્યો એ પણ બધાને નવાઈની વાત લાગી.

જેમ જેમ રાત વધતી ગઈ, તેમ તેમ રસ જામતો ગયો. પણ 'જેવો રાજા તેવી પ્રજા' એ જૂની કહેવત પ્રમાણે તેને કોઈએ કશું ભેટ તરીકે આપ્યું નહીં! અરે, કોઈ ઉત્સાહનો સૂર પણ ન કાઢે! રખેને કંઈક આપવું પડે!

અરધી રાત વીતી ગઈ અને પેલી નાચનારી બાઈ નાચી નાચીને અને ગાઈ ગાઈને લોથપોથ થઈ ગઈ! છેવટે તે કંટાળી ગઈ; એટલે તેણે પોતાના પતિનું ધ્યાન ખેંચવા એક દુહો ગાયો:

"રાત ઘડીભર રહ ગઈ,
પીંજર થાકચો આય;
નટડી કહે સુણ નાયકા,
મધુરી તાલ બજાય."

આ સાંભળીને એનો મર્મ પેલો ગાનારો સમજી ગયો. તેણે સામો ઉત્તર આપતાં ગાયું:

"બહોત ગઈ થોડી રહી,
થોડી ભી અબ જાય;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી દેરકે કારણે,
તાલમેં ભંગ ન આય."

આ દુહો પૂરો થયો ત્યાં તો નવું જ કૌતુક થયું. એક સાધુએ તરત જ પોતાનો નવો કામળો ગાયક ભણી ફેંક્યો; બીજી બાજુથી રાજકુમારે પોતાના હાથમાંનું રત્નજડિત સોનાનું કડું તેને ભેટ આપ્યું અને રાજકુમારીએ પોતાનો મૂલ્યવાન હીરાનો હાર તેને આપી દીધો!

આ જોઈને પેલા કંજૂસ રાજાને ભારે નવાઈ લાગી. એકાએક એવું તે શું બન્યું કે આટલી ભારે કીમતી ભેટ પેલા ગાનારાઓને મળી? તેણે સાધુને બોલાવીને પૂછ્યું: "સાધુમહારાજ, આપે એવું તે શું અનુભવ્યું કે આપને આપનો નવો કામળો ગાનારને આપવાનું મન થઈ ગયું?"

સાધુ કહે: "રાજાજી, સાંભળો. કેટલાંય વરસોથી મેં સંસારસુખનો ત્યાગ કર્યો હતો. પણ આજે અહીંનો બધો વૈભવ જોઈને મારું ચંચળ મન ફરીને સંસારસુખો ભોગવવા ઊંચુંનીચું થવા લાગ્યું હતું! ત્યાં તો પેલા ગાયકે ગાયું:

'બહોત ગઈ થોડી રહી,
થોડી ભી અબ જાય;
થોડી દેરકે કારણે,
તાલમેં ભંગ ન આય.'

"એ સાંભળીને મને ભાન આવ્યું કે, આટલાં વર્ષો કઠિન તપસ્યા કરીને સાધુ તરીકે મેં ગાળ્યાં. હવે જીવનનાં થોડાં વર્ષો બાકી રહ્યાં છે, ત્યારે શા સારુ એ સન્માર્ગથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલિત થઈને મારે જીવતર એળે ગુમાવવું? મને એ ગાયકનાં વચનથી ભાન આવ્યું, માટે મેં તેના ઉપર ખુશ થઈને મારો એકનો એક નવો કામળો તેને ભેટમાં આપી દીધો."

પછી રાજાએ પોતાના પાટવી કુંવરને પૂછ્યું, એટલે રાજકુમાર બોલ્યો: "પિતાજી, આપને હું સાચી હકીકત જ કહીશ. એ સાંભળીને આપને જે સજા કરવી હોય તે મને ખુશીથી કરજો. હું આપના કંજૂસપણાથી કંટાળી ગયો હતો. હું રાજાનો કુંવર હોવા છતાં કંગાળ માણસની માફક રહું છું! મને જરાય સુખ નથી. એટલે મેં છેવટે કંટાળી જઈને આપનું આવતી કાલે ખૂન કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ ગાયકના પેલા દુહાએ મારા મનમાં ઊઠેલા કુવિચારને મારી હઠાવ્યો. મને થયું, આપ હવે ઘરડા થયા છો. વધુમાં વધુ કેટલું જીવવાના છો? માટે હવે થોડો વખત વધારે મુશ્કેલી વેઠી લઉં તો એમાં શું થઈ ગયું? નાહક આપને મારીને પિતૃહત્યાનું ઘોર પાપ શા માટે વહોરી લઉં? એટલે મેં કુવિચાર છોડી દીધો. મને આ ગાયકે જગાડ્યો, તેથી તેના ઉપર રાજી થઈને મેં મારું કીમતી કડું તેને ભેટમાં આપ્યું."

પછી રાજાએ કુંવરીને કારણ પૂછ્યું, એટલે રાજકુંવરીએ જવાબ આપ્યો: "પિતાજી, હું પણ આપને સાચું જ કહીશ. હું હવે મોટી થઈ ગઈ છું. પણ આપ ધનની લાલચમાં મારાં લગ્ન યોગ્ય પાત્ર સાથે કરવા માગતા નથી. આપ તો ખૂબ ધનવાન સાસરિયાની શોધમાં છો. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને હંમેશાં ભય રહે છે કે આપ મને જેવા તેવા માણસના હાથમાં સોંપી દેશો! મને પ્રધાનજીના સદ્‌ગુણી પુત્ર ઉપર સ્નેહ છે. તેથી મેં એવું નક્કી કર્યું હતું કે આ અઠવાડિયામાં લાગ જોઈને એમની સાથે ક્યાંક નાસી જાઉં તો સારું. પણ જ્યારે મેં પેલો દુહો સાંભળ્યો, ત્યારે મને થયું, આપ હવે ઘરડા થયા છો. બહુ લાંબો વખત આપ જીવવાના નથી. તો પછી થોડા દિવસ વધારે થોભવામાં શું બગડી જવાનું હતું? મારો ભાઈ તો ઉદાર દિલનો છે અને પ્રધાનજીના પુત્રને ખૂબ જ ચાહે છે. એટલે હું એમની સાથે લગ્ન કરવા માગું તો ભાઈ વચ્ચે નહીં જ આવે. માટે હમણાં ઉતાવળ ન કરવી એ જ સારું છે. ગાયકના એ દુહાએ મને સાનમાં આણી, માટે મેં ખુશ થઈને મારો કીમતી હાર તેને ભેટ ધરી દીધો."

કંજૂસ રાજા આ સાંભળીને વિચારમાં પડી ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ. પછી તેણે પણ પેલા ગાયક અને તેની પત્નીને ખૂબ ધન આપી માનભેર વિદાય કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭

સંતની ચરણરજ

એક વાર બે સંન્યાસીઓએ એવું વ્રત લીધું કે, 'આપણે આખો જન્મારો બધાં તીર્થધામોની જાત્રા કર્યા કરવી. રસ્તે રાતવાસો રહેવાનો વખત આવે, ત્યારે જે માણસે ક્યાંય પણ જાત્રા કરી હોય તેને ત્યાં જ ઉતારો કરવો. અને ભોજન પણ એવા જ માણસનું સ્વીકારવું.'

હવે એક વખતે ફરતાં ફરતાં તેઓ એક ગામ પાસે આવી પહોંચ્યા. સાંજ પડી ગઈ હતી. એટલે એ ગામમાં જ રાતવાસો કરવાનું તેઓએ વિચાર્યું. ગામમાં લોકોને તેઓએ પૂછ્યું: "ભાઈઓ, અહીં કોઈ સાધુપુરુષ રહે છે? અમારે તો જેણે જાત્રા કરી હોય એવા ધર્મપરાયણ માણસનું જ કામ છે."

લોકોએ ગામને છેવાડે આવેલી નાનકડી ઝૂંપડી બતાવીને કહ્યું: "બાવાજી, આપ પેલે ઘેર જાઓ. એ ઘર પોતે જ જાત્રાના ધામ જેવું છે."

સંન્યાસીઓ તો એ ઘેર ગયા. ઘણા લોકોએ એ જ ઘર બતાવેલું હોવાથી કશી પૂછપરછ કર્યા વિના તેઓએ ત્યાં રાતવાસો રહેવાનું નક્કી કર્યું. એ ઘરમાં રહેતા ભગતે તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું અને તેઓને પેટ ભરીને જમાડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગતે પછી આંગણામાં પથારી પાથરી આપી. સંન્યાસીઓ કહે: "ભગત, હજી હમણાં જ જમ્યા છીએ; એટલે થોડી વાર બેસી અગમનિગમની વાતો કરીએ."

વાત વાતમાં સંન્યાસીએ કહ્યું: "ભગત, તમે કાશીમાં આવેલો મણિકર્ણિકાનો ઘાટ જોયો હશે. ત્યાં બેસી અમે કેટલાય દિવસ ભગવત-ભજન કર્યું હતું."

ભગત કહે: "બાવાજી, હું તો હજી કાશી ગયો જ નથી!"

સંન્યાસીએ કહ્યું: "ત્યારે તમે રામેશ્વર તો જરૂર ગયા હશો."

ભગત કહે: "ના જી."

સંન્યાસીઓ જરા વિચારમાં પડી ગયા. તેઓ મૂંઝાઈને પૂછવા લાગ્યા: "દ્વારકા તો ગયા જ હશો, ખરું ને?"

ભગત નમ્રપણે બોલ્યા: "ના ભાઈ, ના. હું તો ક્યાંય જાત્રાએ ગયો નથી! મારું તો તીરથ આ ઘર જ છે. અપંગોની, રોગીઓની સેવા કરવી, દાન-ધરમ કરવાં અને ભગવાનનું ભજન કરવું એ જ મારે મન સાચી જાત્રા છે."

આ સાંભળીને પેલા સંન્યાસીઓ મનમાં અકળાઈ ગયા: 'અરે, અમારું વ્રત આજે તૂટ્યું! આ માણસે જાત્રા કરી નથી અને એને ત્યાં અમે ભોજન લીધું! હવે શું થાય? વળી આ ભગત છે તો બહુ ભલા અને પ્રેમાળ. એટલે અહીંથી એકદમ ચાલ્યા જઈએ એ પણ સારું નહીં કહેવાય. આ તો ભારે આફત આવી પડી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેઓ થોડી વાર બાદ ભગતને કહેવા લાગ્યા : "ઠીક ત્યારે, રામ રામ. હવે તમે સૂઈ જાઓ. અમે પણ સૂઈ જઈએ."

સંન્યાસીઓ પથારીમાં પડ્યા. પણ બંનેના જીવ ડહોળાયા કરે. ક્યારે સવાર થાય અને અહીંથી ભાગી છૂટીએ એની જ તેઓ આતુરતાથી રાહ જોવા લાગ્યા. કોઈ તીર્થમાં સ્નાન કરી પ્રાયશ્ચિત્ત કર્યા વિના આ જીવને હવે ક્યાંથી શાંતિ મળે ?

એવામાં મધરાતનો સમય થયો. ત્યાં તો એક કાળી ગાય બહાર આંગણામાં આવીને ઊભી રહી. સંન્યાસીઓ વિચારવા લાગ્યા : 'રાતને વખતે આ ગાય અહીં ક્યાંથી ભૂલી પડી ?'

એટલામાં બીજી એક કાળી ગાય આવીને ઊભી રહી. અને થોડી વારમાં તો ત્રીજી, ચોથી એમ વીસપચીસ કાળી ગાયો ત્યાં ભેગી થઈ ગઈ!

બધી જ કાળા રંગની ગાયોને ભેગી થયેલી જોઈને પેલા સંન્યાસીઓ તો ખૂબ નવાઈ પામ્યા. આ વળી કેવું કૌતુક !

પછી થોડા વખત બાદ બધી ગાયો એ ઘરના આંગણામાં આળોટવા લાગી અને ત્યાં તો બધી ગાયોનો રંગ શ્વેત થઈ ગયો !

સંન્યાસીઓ તો ફાટી આંખે જોઈ જ રહ્યા ! તેઓને થયું : 'આ કંઈ ગાયો નહીં હોય; જરૂર દેવતાઓ હશે.' એટલે તેઓ સફાળા ઊભા થઈ જઈને પેલી ગાયો પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા દોડ્યા. ત્યાં તો એ ગાયો એક પછી એક અલોપ થવા લાગી. પણ હજી એક ગાય જવાની તૈયારી કરતી હતી; એવામાં પેલા સંન્યાસીઓ તેને પગે પડીને વિનંતી કરવા લાગ્યા : "ગાયમાતા, આપ કોણ છો? અહીં આવીને આપ શા માટે ધૂળમાં આળોટ્યાં? અને આપનો કાળો રંગ એકાએક ધોળો કેમ થઈ ગયો? કૃપા કરી આપ એ અમને સમજાવો."

ત્યાં તો ગાયમૈયાને વાચા થઈ. તે બોલ્યાં : "અમે તો આ પૃથ્વી પરનાં તીર્થધામો છીએ. બધા લોકો આવી આવીને અમારે ત્યાં પોતાનાં પાપોનો મેલ ધોઈ જાય છે; તેથી અમે મલિન થઈ જઈએ છીએ. અમારી એ મલિનતા ધોવાનું આ જગતમાં એક જ સ્થાન છે; અને તે છે સંતનું આંગણું. એટલે અમે સંતને આંગણે જઈ સંતની ચરણ-રજમાં આળોટીએ છીએ. આમ કરવાથી અમે પાછાં પવિત્ર થઈ જઈએ છીએ."

આટલું કહીને ગાયમાતા અલોપ થઈ ગયાં. પેલા સંન્યાસીઓ તો સ્તબ્ધ થઈ જઈ ત્યાં ને ત્યાં બેસી રહ્યા.

વહેલી સવારે તેઓ પેલા સંત પાસે જઈને તેમને પગે પડવા લાગ્યા.

આ જોઈને પેલા ભગત બોલ્યા : "અરે, અરે, સાધુમહારાજ! આપ આ શું કરો છો?"

સંન્યાસીઓ કહે : "હે સંતપુરુષ, અમે આપને સમજી શક્યા નહોતા! આપ તો ખરેખર વંદન કરવા યોગ્ય છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું કહીને પેલા બે સંન્યાસીઓ આનંદ પામતા આગળ ચાલ્યા.

૪૮

સજ્જનનું હૃદય

અરબસ્તાન દેશના એક ગામમાં નાવેર નામનો એક સજ્જન રહેતો હતો. તેની પાસે એક ઉમદા ઘોડો હતો. ગામના બધા જ લોકો તેના ઘોડાને જોઈને ખુશ ખુશ થઈ જતા. સૌને થતું, 'નાવેરના જેવો ઘોડો આપણી પાસે હોય તો કેવી મજા પડે!'

એ જ ગામમાં દાહર નામનો એક માણસ રહેતો હતો. તેને પણ નાવેરનો ઘોડો ખૂબ જ ગમી ગયો હતો. તે એક દિવસ નાવેરની પાસે જઈને બોલ્યો: "ભાઈ સાહેબ, તમે મને તમારો ઘોડો આપો. એના બદલામાં તમને જેટલાં ઊંટ જોઈએ એટલાં આપવા હું તૈયાર છું. બોલો, છો કબૂલ?"

પરંતુ નાવેરને પોતાના પ્યારા ઘોડાને વેચવાનું ક્યાંથી મન થાય? તેણે દિલગીરી સાથે કહ્યું: "ભાઈ, માફ કરજો. હું કોઈ પણ હિસાબે મારા એ ઘોડાને ન આપું. એના વિના મને ન ગમે."

દાહર હતાશ થઈને ઘેર ગયો. પણ તેણે મનમાં ગાંઠ વાળી કે, 'કોઈ પણ હિસાબે એ ઘોડાને ન મેળવું તો મારું નામ દાહર નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એક દિવસ એવું બન્યું કે, નાવેર કોઈ કામ અંગે પરગામ જવા નીકળ્યો. તે ઘોડા ઉપર બેસીને ધીમે ધીમે આગળ જતો હતો. એવામાં રસ્તાની બાજુમાં એક ચીંથરેહાલ ઘરડા માણસને એક ઝાડ નીચે બેઠેલો તેણે જોયો. તે બાપડાને દમ ચડચો હતો અને તેને ખાંસી પણ ખૂબ આવતી હતી.

નાવેરને આ જોઈ દયા આવી. તેણે તે ઘરડા માણસ પાસે જઈને કહ્યું : "ભાઈ, તમે બીમાર લાગો છો. થાકી પણ ખૂબ ગયા છો. આ તરફ તમે ક્યાં જાઓ છો ?"

પેલા ઘરડા માણસે હાંફતાં હાંફતાં ધીમે અવાજે કહ્યું : "સાહેબ, હું ગરીબ માણસ છું. ઘણા દિવસથી બીમાર છું. મારે બાજુના ગામમાં જવું છે. પણ રસ્તામાં દમ ચડી જવાથી મારાથી આગળ એક ડગલું પણ ભરી શકાય એમ નથી! રાતે હવે મારું શું થશે ?"

નાવેર ગળગળો થઈ જઈ બોલ્યો : "ભાઈ, ફિકર ન કરો. તમે મારા ઘોડા ઉપર બેસી જાઓ. મારે પણ બાજુના ગામમાં જ જવું છે. હું તમારી સાથે ચાલતો ચાલતો આવીશ." એમ કહીને નાવેરે પેલા બીમાર ઘરડા માણસને ઘોડા ઉપર બેસાડચો.

પણ આ શું? તરત જ પેલા માણસે ઘોડાને ચાબુક મારી અને ઘોડો વેગથી દોડવા લાગ્યો! પેલો માણસ હસતો હસતો મોટેથી બોલ્યો : "નાવેર, તેં મને ઓળખ્યો નહીં ? હું દાહર છું! તેં મને તારો ઘોડો સીધી રીતે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો, તો મેં તરકીબ કરીને તારી પાસેથી એ પડાવી લીધો. હવે આ ઘોડો પાછો મેળવવાની તું કદી આશા રાખતો નહીં."

નાવેરે દુઃખી અવાજે કહ્યું: "ભાઈ, તને મારો પ્યારો ઘોડો જોઈતો જ હોય, તો ભલે લઈ જા અને ખુશ થા. પરંતુ આટલું યાદ રાખજે કે, તેં આવી દગલબાજી કરીને મારી પાસેથી ઘોડો પડાવી લીધો છે એ વાત તું કોઈને મહેરબાની કરી કહેતો નહીં. કારણ કે એ વાત સાંભળીને પછી કોઈ પણ માણસ ખરેખરા દુઃખી આદમીને મદદ કરવા આ રીતે કદી તૈયાર થશે નહીં!"

આ સાંભળી દાહરને પોતાની ભૂલ સમજાઈ. તે ખૂબ શરમાઈ ગયો. તેણે પાછા ફરી નાવેરને એનો ઘોડો પાછો સોંપી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯

વેરનો બદલો

ઘોર અંધારી રાત હતી. બધે શૂનકાર ફેલાઈ ગયો હતો. દૂર દૂરના વેરાન પ્રદેશમાંથી વનચર પશુઓનો ભયંકર અવાજ વારે વારે શાંતિને ખળભળાવી મૂકતો હતો. પવન તો જાણે કહે મારું કામ. શરીરને વીંધી નાખે એવો પવન વાતો હતો.

યુસુફ દીવો બુઝાવી પોતાના તંબૂમાં સૂવાની તૈયારી કરતો હતો. ત્યાં તો એક અજાણ્યો માણસ તંબૂની પાસે હાંફળો ફાંફળો આવીને ઊભો અને કરગરીને અરજ કરવા લાગ્યો: "રહેમ કરો, રહેમ કરો! હું એક તરછોડાયેલો મુસાફર છું. આપ ઉમદા અને ખાનદાન કુટુંબના નબીરા લાગો છો. મારી પાછળ દુશ્મનો પડ્યા છે. મને ક્યાંય આશરો મળે એમ નથી. હું ભૂખ્યો, તરસ્યો જીવ બચાવવા દોડતો અહીં આવ્યો છું. મને બચાવો. ખુદા આપનું ભલું કરશે."

યુસુફ નીચું માથું રાખી શાંત ઊભો હતો. તે બોલ્યો: "ભાઈ, ખુદા સૌનું ભલું કરો. આ તંબૂ મારો છે, પણ મારા કરતાં તે અલ્લાહનો વધારે છે. એ જ એનો સાચો માલિક છે. અંદર આવ અને શાંત થા. હું જેમ અહીં રહું છું એમ તું પણ ખુશીથી રહે, આરામ કર અને ખુદાનો અહેશાન માન. ખુદાએ આપણને સૌને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદા કર્યાં છે. એ જ મારનાર અને તારનાર છે. આપણે એની આગળ કોણ માત્ર? આ તંબૂમાં તને આવતો રોકનાર હું કોણ? આવ અને સુખેથી રહે."

પછી યુસુફે એ ભૂખ્યા-તરસ્યા મહેમાનનું સ્વાગત કર્યું, તેને પેટ ભરીને જમાડ્યો અને હૂંફાળી પથારી કરી આપી. યુસુફ ખુદાનું નામ લઈને સૂઈ ગયો.

રાતનો છેલ્લો પહોર હતો ત્યારે યુસુફ ઊઠ્યો. પેલા અજાણ્યા માણસને પણ તેણે જગાડ્યો. પછી યુસુફ બોલ્યો: "ભાઈ, આ સોનું લે. વળી મારો આ તેજી ઘોડો પણ તૈયાર જ છે. સૂરજ ઊગે તે પહેલાં અહીંથી નાસી જા. એટલે તારા દુશ્મનો તને નહીં દેખે."

એવામાં તો પેલો અજાણ્યો માણસ ઘૂંટણિયે પડી પોતાનું માથું યુસુફના ખોળામાં મૂકી રડતાં રડતાં બોલ્યો: "અરે ભલા યુસુફ, મને માફ કરો! તમને તમારા આ ભલા કામનો બદલો આપીને જ હવે હું તો જઈશ. જેણે તમારા પ્યારા બેટાને મારી નાખ્યો હતો અને જેને મારવા માટે તથા વેરનો બદલો લેવા માટે તમે તલપી રહ્યા હતા તે જ પાપી ઇબ્રાહીમ હું છું!"

આ સાંભળીને યુસુફ થોડી વાર સ્તબ્ધ બની ગયો. તેણે મક્કમ અવાજે કહ્યું: "હે મુસાફર, તું ભલે કોઈ પણ હો. પણ હવે આ ત્રણગણું સોનું લે અને હમણાં ને હમણાં અહીંથી નાસી જા. ફરી કદી આ તરફ આવતો નહીં. મારામાં રહેલા સેતાનને પાછો જગાડતો ના. મેં મારા દુષ્ટ વિચારોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢી નાખ્યા છે. ઇબ્રાહીમ, હવે ભાગ. ખુદા તારા ઉપર રહેમ કરો !"

ઇબ્રાહીમ તરત જ મારતે ઘોડે ત્યાંથી જતો રહ્યો. યુસુફ એકીટશે એ દિશામાં જોઈ રહ્યો.

થોડી વાર પછી યુસુફ ધીમે પગલે પોતાના પ્યારા પુત્રની કબર પાસે ગયો અને બોલ્યો : "મારા પ્યારા બેટા ! હું તારા ખૂનીને જાનથી મારીને તારા ખૂનનો બદલો લેવા ક્યારનો તલસતો હતો. પણ બેટા, ખુદાનો ઇન્સાફ ન્યારો જ છે. બેટા, આજે મેં તારા ખૂનનું વેર લીધું — ખૂનીને મારીને નહીં, પણ જ્યારે તે આફતમાં હતો ત્યારે તેને મદદ કરીને ! બેટા, ખુદાનું એ જ ફરમાન છે. હવે મારા પ્યારા બેટા ! તું શાંતિથી પોઢી જજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦

જીવન એટલે શું?

એક વાર એક માણસે આવીને મહાત્મા ટૉલ્સ્ટૉયને પૂછ્યું: "જીવન એટલે શું?"

થોડી વાર શાંત રહીને ટૉલ્સ્ટૉય બોલ્યા: "એક વખતે એક માણસ જંગલમાંથી પસાર થતો હતો. એવામાં એક જંગલી હાથીની નજર તેના ઉપર પડી અને એ તેને પકડવા દોડ્યો.

"પેલો માણસ તો આવી પડેલા આ સંકટને જોઈને ગભરાઈ ગયો. શું કરવું અને શું નહીં, એની તેને સમજ પડી નહીં. ઝાડ પર પણ શી રીતે ચડી શકાય? હાથી તો ખૂબ નજીક આવી ગયો હતો! તેથી તેણે હિંમતભેર ઝડપથી દોડવા માંડ્યું. પાછળ હાથી પણ દોડતો આવી રહ્યો હતો.

"એટલામાં રસ્તા ઉપર એક કૂવો નજરે પડ્યો. હાથીના સકંજામાંથી બચવાનો બીજો માર્ગ ન હોવાથી તે માણસે એ કૂવામાં ઝંપલાવ્યું! કૂવામાં વડલાનાં કેટલાંક મૂળિયાં બહાર નીકળેલાં હતાં, એમાંના એક મૂળિયાની જડ તેના હાથમાં અચાનક આવી ગઈ. એટલે તેણે એ પકડી લીધી.

"થોડી વાર પછી તે માણસે કૂવામાં ડોકિયું કર્યું તો એ પુરાણા કૂવાના પાણીમાંથી મગરો બહાર નીકળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોં ફાડી ઊભા હતા! ક્યારે તે માણસ નીચે પડે અને ગળી જાઉં, એની જ તે રાહ જોતા હતા. ઉપરની બાજુએ પેલો માતેલો હાથી એ માણસ ક્યારે બહાર નીકળે એની રાહ જોતો ઊભો હતો!

"હવે જે જગ્યાએ પેલો માણસ લટક્યો હતો એની ઉપરની બાજુએ મધપૂડો હતો અને તેમાંથી મધ ટપક્યા કરતું હતું. એ મધનાં ટીપાં પોતાના મોંમાં ઝીલી લઈને પેલો માણસ નભી રહ્યો હતો.

"પરંતુ આ શું! જે મૂળને પકડીને તે લટકી રહ્યો હતો એને એક કાળો અને એક સફેદ ઉંદર નિરંતર કાપી રહ્યા હતા!"

આટલું કહીને મહાત્મા ટોલ્સ્ટોય જરા અટક્યા અને પછી બોલ્યા: "પેલો હાથી એ કાળ હતો; મગર એ મૃત્યુ હતું; મધ એ જીવન-રસ હતો; અને કાળો તથા સફેદ ઉંદર એ રાત-દિવસ હતાં. બસ આ બધું મળીને જે થાય એનું નામ જીવન!"

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો

૧. ગામગોષ્ઠી	લે૦ વિઠ્ઠલદાસ કોઠારી અને રાવજીભાઈ પટેલ	અપ્રાપ્ય
૨. પ્રાચીન શીલકથાઓ	લે૦ ગોપાળદાસ પટેલ	૦-૬-૦
૩. આહાર અને પોષણ ભા. ૧ (બીજી આવૃત્તિ)	લે૦ ઝવેરભાઈ પટેલ	૦-૧૦-૦
૪. મલેરિયા (બીજી આવૃત્તિ)	સં૦ વિઠ્ઠલદાસ કોઠારી	૦-૭-૦
૫. ઘરમાખી	લે૦ બંસીધર ગાંધી	૦-૭-૦
૬. ખેડૂતનો ચોપડો	—	૧-૦-૦
૭. આહાર અને પોષણ ભા. ૨	લે૦ ઝવેરભાઈ પટેલ	૦-૧૨-૦
૮. ટાઇફૉઇડ	લે૦ બંસીધર ગાંધી	૦-૯-૦
૯. પાણી	લે૦ બંસીધર ગાંધી	૦-૧૪-૦
૧૦. મીઠું	લે૦ બંસીધર ગાંધી	૦-૧૨-૦
૧૧. ઓધક ટીકડીઓ	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦-૧૪-૦
૧૨. શીલ અને સદાચાર	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦-૬-૦
૧૩. મોટાં માણસોનાં મન	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦-૯-૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar